શ્રી ભગવતી ભજનમાળા

ભાગ ૧ લો.

લેખક.

ભટ રણછોડલાલ કાળીદાસ કારભારી
ભટ ગણપતરામ કાળીદાસ વ્યાસજી. } ઉમરેઠ

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શાહ માધવલાલ ચુનીભાઇ શક્તિસમાજ મેનેજર.
ત્રીવેદી ફુલશંકર જીવરામ.
ભટજી મણીલાલ મોતીલાલ. } ઉમરેઠ

અમદાવાદમાં કાળુપુર ખીસકોલાની પોળમાં "ધી નીલકંઠ પ્રીન્ટીંગ પ્રેસ" માં રાવળ ભાઈશંકર છગનલાલે છાપ્યું.

પ્રથમ આવૃત્તિ — પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૩ — સને ૧૯૧૭

કીંમત રૂ. ૦-૫-૦

શ્રી ભગવતી ભજનમાળા

ભાગ ૧ લો.

લેખક

ભટ રણછોડલાલ કાળીદાસ—કારભારી.

ભટ ગણપતરામ કાળીદાસ—વ્યાસજી.

ઉમરેઠ.

પ્રકાશક

શાહ માધવલાલ ભુરાભાઈ શક્તિ સમાજ—મેનેજર

ત્રીવેદી ફુલશંકર જીવરામ. }
ભટજી મણીલાલ મોતીલાલ. } ઉમરેઠ.

પ્રથમાવૃત્તિ — પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૩ — સન ૧૯૧૭

કીંમત રૂ. ૦—૫—૦

અમદાવાદ—કાળુપુરમાં આવેલા
ધી નીલકંઠ પ્રીન્ટીંગ પ્રેસમાં
બાપુશંકર છગનલાલ રાવળે છાપી.

નિવેદન.

ઉમરેઠ ગામે વડી ભાગોળે લાખા વાવ્યમાં "શ્રી ભદ્રકાળી"નું સ્થાનક છે. આ ભદ્ર ભવાનીનું કામ અલૌકીક છે, જેઓએ દ્રઢ શ્રદ્ધા રાખી ભક્તિ ભાવનાથી શેવા કીધી છે તેવા ભાવીક ભક્તોની મન કામના સફળ કરી છે. જેઓએ જેવી ભાવનાથી ભજ્યાં છે તેવાંને તેવાં ફળ આપ્યાં છે.

શ્રી ભદ્રકાળી માતાના દર્શનાર્થે નિયમીત આવનાર શ્રદ્ધાળુજનોનો સમુહ એકઠો મળેલો છે જેનું નામ "શક્તિ સમાજ" રાખેલું છે. તેઓ માતાજીની યથાશક્તિ બનતી સેવા બજાવે છે. આ માતાજીનું કામ ચમત્કારી હોવાથી ગ્રામ્ય દેવતા તરીકે પુજ્ય ભાવનાથી પુંજાય છે, અને વળી દેશ પરદેશના લોકો માનતાએ આવે છે.

આ મંમાયાની સેવા, સામગ્રી અને અખંડ દીવા માટે ગામ તરફથી કે બીજા કોઇ સ્થળેથી અમુક વરખાશન તરીકે કંઇપણ આવક નથી, છતાં જે સમયે જે લીલાની જરૂર હોય છે તે સમયે તે લીલા શ્રી માતાજીની કૃપા વડે બન્યાં જાય છે.

શ્રી માતાજીના અખંડ દીવાનું છ માસીક ખર્ચ અત્રેના વ્યાસ ભીખાભાઇ જેભાઇ બીડીવાળા આપે છે. બાકીના છ માસ માટે પડતી હરકત દુર કરવા આવા પ્રસીદ્ધ થતા પુસ્તક દ્વારાથી ઉપજેલા પૈસા અગર ભાવીક ભકતો તરફથી મળતી રકમમાંથી નભાવ થાયછે.

આ પ્રસીદ્ધ થતા પુસ્તકની ઉપજેલી રકમ પુસ્તકનો ખર્ચ જતાં વધેલી રકમ શ્રી જગદંબાની પવીત્ર શેવાના ખર્ચમાં તેનો ધાર્મીક ઉપયોગ કરવામાં આવશે.

શ્રી જગદંબાના આ ધાર્મીક કાર્યમાં અત્રેના શેઠ અંબાલાલ શામળજીએ ઘણી સારી મદદ કીધી છે. એ સીવાય તેઓ શેઠ પ્રસંગોપાત શ્રી માતાજીના ધાર્મીક કાર્યાર્થે બનતી સેવા બજાવવામાં પછાત પગલું ભરતા નથી. અને આશા છે કે તેઓ શેઠ ભવીષ્યમાં પણ ભરશે નહીં. એવી તેઓ દેવીભકતની દ્રઢ ભક્તિ ભાવનાનું ફળ શ્રી જગદંબા તેઓને આપે એવી અમારી શ્રી માતાજી પ્રત્યે પ્રાર્થના છે.

અમો સર્વે સુજ્ઞ સજ્જનો તથા દેવી ભકતોને નમ્ર પ્રાર્થના કરીએ છીએ કે શ્રી માતાજીની સેવા સામગ્રી અને અખંડ દીવા માટે યથાશક્તિ મદદ કરવામાં પોતાના પૈસાનો સદ્ઉપયોગ કરશે. જેનું ફળ શ્રી જગત જનુની જગદંબા તેઓને આપ્યા સીવાય રહેશે નહીં એ નિરવિવાદ છે. તથાસ્તુ.

ઉમરેઠ. લી૦ કર્ત્તા.

અર્પણ પત્રિકા.

સદા રા. રા.

શ્રીયુત ભાઇશ્રી નરસિંહલાલભાઇ પુંજાલાલભાઈ

પોલીસ પટેલ—ઉમરેઠ.

ભાઇશ્રી આપનો સહવાસ થતાં આપની ઉદારતા, સન્મતિ, નિરાભિમાનપણું તથા ધર્મ ઉપર સંપુર્ણ શ્રદ્ધા અને પરોપકારપણું વળી હોદ્દા છતાં મહાદયાળુ વૃત્તિ અને નાના મોટા સર્વ ઉપર સમભાવના વિગેરે મહા સદ્‌ગુણો વડે લઘુ વયમાં આખા ગામનો આપે જે અથાગ પ્રેમ પ્રાપ્ત કર્યો છે. તેવા ઉત્તમ ગુણોથી આકર્ષાઇ અમોએ અમારી અલ્પ માતથી શ્રી જગદંબાની સ્તુતિની પોથીરૂપ પુષ્પમાળા તૈયાર કરી આપના કોમળ કંઠને વિષે આરોપણ કરીએ છીએ તે સપ્રેમ સ્વીકારશોજી.

લી. કર્ત્તા

ભટ્ટ રણછોડલાલ કાળીદાસ,

તથા

ભટ્ટ ગણપતરામ કાળીદાસ.

स्तुती.

હે ભૂવનેશ્વરી ! સર્વનું નીર્માણ કરનાર, કલ્યાણરૂપ વૃદ્ધિરૂપ, સિદ્ધિરૂપ, સચ્ચિદાનંદરૂપ, સંસારની ઉત્પત્તિના કારણરૂપ, સૃષ્ટી, સ્થિતિ સંહાર, તિરોભાવ, અને અનુગ્રહરૂપ, સર્વના અધિષ્ટાનરૂપ, અવિચળ, પ્રત્યગાત્મારૂપ તમને મારા શાષ્ટાંગ પ્રણામ છે.

હે મા, આ સઘળું જગત તમારામાં રહ્યું છે. આ જગતની ઉત્પત્તિ અને લય પણ તમારાથીજ થાય છે. સર્વમાં તમો છો અને તે સૌ તમો છો. તમારા વિના કાંઇ પણ કોઇથી કશો વ્યવહાર ચલાવી શકતો નથી, તો એવાં સર્વ શક્તિમય મહંમાયાને હું વારંવાર પ્રણામ કરૂં છું.

મિથ્યા બકવાદ કરનાર બકે છે કે, સર્વ બ્રહ્મમય છે અને સર્વમાં આત્મારૂપે વ્યાપ્તમાન છે, આત્મા એ પરમાત્મા છે. પણ તે મારા માનવામાં આવતું નથી, તેમ યોગ્ય વિચાર કરતાં ને વ્યાજબી પણ નથી તેવું બકનારા સમજ્યા વિનાજ બકયા કરે છે, કેમકે પંચ મહાભૂત, અગીઆર ઇંદ્રિઓ, અને તત્વાદિકમાં તમો શક્તિ સ્વરૂપે વ્યાપ્તમાન ન હોત તો તેઓથી તેમનું કાર્ય બિલકુલ બજાવી શકાત નહિ, આત્મામાં ચૈતન્ય શક્તિ ન હોત તો તે પણ જડરૂપજ રહેત, ઓ મા ! તમારા વિના કાંઇ પણ જગો ખાલી નથી. બ્રહ્મ તે પણ તમેજ છો, કદાપી તે જુદો માનીએ તો તમારા વિના શક્તિરહિત તે કાંઇ પણ કરી શકત નહિ.

હે ભવાની ! વિષ્ણુમાં પાલનશક્તિ, રૂદ્રમાં સંહારશક્તિ, અને બ્રહ્મામાં ઉત્પન્ન કરવાની શક્તિ ન હોત તો તેઓ ત્રણે મહાન દેવો

ઇશ્વર સ્વરૂપ કદી પણ મનાત નહિ. તેઓ શ્રેષ્ટ પદવીને પામ્યા છે તેમાં તમારીજ કૃપાવડે. જે શક્તિહિણુ છે તેને કોઇ પણ કશા લેખામાં ગણતું નથી. જ્યારે આ ઇશ્વર તમારા વિના કંઇ લેખામાં નથી તો ઇંદ્રાદીક બીજા દેવો અને અમો તો એક તૃણ બરાબર પણ ક્યાંથી હઇએ ? હે સર્વેશ્વરી મા ! આ પૃથ્વી જગતને ધારણ કરે છે તે પણ તમારીજ શક્તિવડેજ ધારણ કરી શકે છે, સૂર્ય પણ તમારી પ્રભાથીજ પ્રકાશે છે, અગ્નિ પણ તમારી વડેજ દહન કરી શકે છે, એટલુંજ નહિ પણ સર્વ દેવો, દાનવો, મનુષ્યો, પશુઓ, પક્ષિઓ, વનસ્પતિ વિગેરે સર્વ તમારી કૃપાથીજ તેઓને સોંપેલું કાર્ય બજાવે છે. જો તેમાં તમારી આપેલી શક્તિ કમી થાય તો તેમાંનું કાંઇ પણ થઇ શકે નહિ આવાં મહાન કૃપાળુ ભગવતીને મારા ઘણા પ્રેમથી પ્રણામ છે.

ઓ મા ! આવાં તમારાં અચિંત્ય ચરિત્રની ખબર બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્રને પણ નથી, ત્યારે અમો જેવા મુંઢ, મિથ્યાવાદીઓને તમારી અપાર લીલાની શું ખબર હોય ! તમારા અપાર મહીમાને શું જાણી શકીએ ? હે ! મોટા પ્રભાવવાળાં તમારા વિસ્તીર્ણ પ્રભાવને હું અલ્પ-મતિનો અનુચર કઇ રીતે વર્ણવી શકું !

તમો સદા સર્વદા એક છો, તમો સાકાર છો, નિરાકાર છો, તમો નિર્ગુણ છો સગુણ છો તમો સદા સ્વતંત્ર છો, તમો સર્વના આત્મા છો, તમો વિદ્યા છો, ટુંકામાં કીર્તિ, કાન્તી, બુદ્ધિ, લક્ષ્મી, અને નીર-મળ સંતાપરૂપ તમેજ છો. મુક્તિ વૈરાગ્યરૂપ પણ તમોજ છો, વેદની કળારૂપ ગાયત્રી, સ્વાહા સ્વધા, સગુણ અને અર્ધમાત્રારૂપ (ૐકારમાં અ—ઉ—અને મને અંતે જે રહી છે તે) ભગવતી તમોજ છો. એટ-

શુંજ નહિ પણ દેવતાઓ વિગેરે જીવોને રક્ષણને સારૂ અને મોક્ષને વાસ્તે શાસ્ત્રરૂપ વેદ તે તમેજ રચ્યો છે. હે મા ! તમારે પ્રયોજન નહિ છતાં મહાસાગરના તરંગોની પેઠે આદિ, અંત, રહિત બ્રહ્માના જે અંશો જીવપણું પામ્યા છે તેઓને મોક્ષની પ્રાપ્તી થવાને વાસ્તે તમોએ આ સર્વ પ્રપંચોને રચ્યા છે. જીવ જ્યારે પોતામાં જે કર્તુત્વ આદિ ધર્મો છે તે તમારાજ કરેલા છે, અને તે સર્વને મટાડનાર પણ તમોજ સમર્થ છો. આવા મહાન દેવાધી દેવને મારા વારંવાર પ્રણામ છે.

હે ભુવનેશ્વરી ! આ જગતમાં દરેક તમારે આધીન રહી પ્રત્યક્ષ અને પરોક્ષ વ્યવહારમાં કામ કરી શકે છે, તમારા આધારથીજ સુવું, બેસવું, ઉઠવું, ખાવું હરવું, ફરવું, ઉંઘવું વિગેરે કામ બની શકે છે. પોતે શ્રી વિષ્ણુ ભગવાને એક વખત તપમાં બેઠેલા હતા ત્યારે બ્રહ્માના પ્રશ્નથી કહ્યું છે કે " હું પરતંત્ર છું, પ્રથમ દેવીની ઇચ્છાથી હું સ્ત્રી રૂપ હતો તે તેની કૃપાથી (પરબ્રહ્મ શક્તિની) મહા સમુદ્રમાં પુરૂષ રૂપે ફર્યો હતો. યુગે યુગે, કચ્છપ, વરાહ, નૃસિંહ, અને વામનરૂપ થાઉં છું, લોકમાં કોઇને પશુ અને જળચરાદિક યોનીમાં જન્મ લેવો એ પ્યારૂં હોય ? નજ હોય, વરાહઆદી નીચ યોનીમાં હું પોતાની ઇચ્છાથી જન્મ્યો નહોતો, કીયો સ્વતંત્ર પુરૂષ લક્ષ્મીજી સાથે સુંદર વીહાર મુકી દઇને મત્સ્યઆદી નીચ યોનીમાં જન્મશે ? ને શયનનું સુખ છોડી ગરૂડ ઉપર બેશી ભારે યુદ્ધ કરે ? જો હું સ્વતંત્ર હોઉં તો કદી પણ મારી એવી દશા થાય નહિ, માટે હું સ્વતંત્ર નથી પણ મહાન સમર્થ શક્તિને આધિન છું. આ પ્રમાણે ભગવાને ભગવતી ભાગવતના પહેલા સ્કંધના ચોથા અધ્યાયમાં શ્રી મુખે કહ્યું છે. આ ઉપરથી સર્વોપરી શ્રેષ્ટ શક્તિને હું ચરણમાં પડી ઘણા પ્રેમથી પ્રણામ કરૂં છું.

હે જનુની ! સ્વાદ જાણવામાં વિચિક્ષણ એવી આ જીભ વડે તમારા પરમપુજ્ય પવિત્ર ગુણ ગાયા નથી, કાન છતાં જે માણસો તમારૂં મહાત્મ સાંભળતા નથી તેઓ મંદ ભાગ્યનાજ છે. જેઓ નીંદા કરવામાં જીભ વાપરે છે અને કુથલી સાંભળવામાં કાન તૈયાર રાખે છે, તેઓને ધીક્કાર છે ધીક્કાર છે. મુર્ખને ખટરસના સ્વાદથી જીભ તરફથી જેટલો આનંદ થાય છે તેટલો જ્ઞાની પુરૂષને તમારા ગુણાર્વિંદ અને ધર્મ વચનો સાંભળી તેથી પણ વધારે આનંદ પામે છે.

મુર્ખ અને અજ્ઞાની જીવો દુર્વ્યસનમાં પોતાનો અમુલ્ય વખત ગુમાવે છે પરંતુ જ્ઞાની કે જેઓનાં હૃદય પવિત્ર છે એવા આ કુડા કળી કાળના ભયથી, કુકર્મથી દુર રહી, શાસ્ત્રના વિચારોમાં, ધર્મના ઉંડા પાયાને શોધવામાં અને હે માજી તમારા કીર્તનમાં ગાળે છે, મીથ્યા બકવાદ કરતા નથી, જેમ દેવતાઓ અમૃત પીવાને કદી પણ તૃપ્ત થતા નથી તેમ જ્ઞાની પુરૂષો તમારી કથામૃતથી કદી પણ તૃપ્ત થતા નથી, યથાર્થ કંટાળતા નથી.

ખરે અમૃતને દેવતાઓ ભલે વખાણે પણ તેથી મુક્તિ મળતી નથી. માત્ર શ્રી આદ્યશક્તિ મહાન માતાજીના ગુણરૂપી અમૃત રસ પીધાથીજ મોક્ષ રૂપી મહાપદ પામી મણીદ્રીપમાં વાસ થાય છે, અને જન્મ મરણ ટળી જઇ અખંડ વાસે વસે છે.

આ વીકટ સંસારરૂપી ચક્રમાંથી નીકળવાનું ખરૂં સાધન માત્ર હે કૃપાળુ ભવાની તમારીજ સાચી ભગતી છે. જેઓ સમજતા નથી તેઓ આ મહાન ચક્રમાં ભમ્યાજ કરે છે તો હે અંબે ! મને તમારો દાસાનુંદાસ ગણી સર્વ રસયુક્ત, પવિત્ર, મુક્તિ આપનાર ગુપ્ત વિદ્યા

જે કે મુમુક્ષુ લોકોને સદા સર્વદા પ્રીય છે તે આપી સંસાર ચક્રમાંથી બચાવવા દયા કરશો.

સર્વ શ્રુતિઓના અર્થે સ્વીકારેલું સર્વ શાસ્ત્રો અને આગમોમાં દ્રસ્યરૂપ, સર્વોત્તમ, અતિ સુંદર, યોગીઓને મુક્તિ આપનાર, બ્રહ્માદિકોએ સેવેલું અને સર્વદા મહાન યોગીઓએ ધ્યાન ધરેલું, અવિનાશી, સર્વજ્ઞ, સંસારના બંધનને કાપનારૂં, ભગ્તોના હૃદયમાં રહેનારૂં, દુરાત્માઓને નહિ જણાય તેવું, ત્રણ ગુણમય, અથાગ મહીમાથી ભરેલું હે ભુવનેશ્વરી મા ! હે જગદંબા તમારા સ્વરૂપને મારા અત્યંત પ્રેમથી વારંવાર પ્રણામ છે તે સ્વીકારશો.

હે કલ્યાણી ! આ વીકટ સંસારના સારરૂપ નરકરૂપી સમુદ્રમાં નહિ પડવા દેનાર, મુક્તિના બીજરૂપ, સઘળા અશુભોનો નાશ કરનાર, કર્મરૂપી વૃક્ષોને છેદનાર, અને પાપના સમુહને બાળનાર, તમારી પવિત્ર ભગ્તિ તે મને સદા સર્વદા આપજો.

શેષનાગ પોતાના સહસ્ત્ર મુખથી, સદાશીવ પંચમુખથી, બ્રહ્મા ચાર મુખથી; કાર્તિકય છ મુખથી, હે માજી તમારા ગુણાર્વિંદને, તમારા મહીમાને સંપૂર્ણ રીતે કથી શકતા નથી. સર્વજ્ઞ વિષ્ણું ભગવાન, યોગીંદ્રોના ગુરૂના ગુરૂ ગણેશ પણ તમારૂં સંપૂર્ણ રીતે વર્ણન કરવાને અસમર્થ છે, સઘળા શાસ્ત્રોના મુળ ભૂત ચાર વેદ અને પંડીતો તમારા ગુણોના પા ભાગનું પણ વર્ણન કરી શકતા નથી, સનત્કુમાર, ધર્મ સનંદન, સનાતન, સનક, કપિલ, સુર્ય અને બ્રહ્માના બીજા પુત્રો તમારા યત્કીંચીત મહીમા ગાવાને સમર્થ નથી તો મારા જેવો જડ બુદ્ધીવાળો તમારા મહાન પવિત્ર મહીમાનું રહસ્ય શું કથી શકે ?

હે અંબે ! જન્મ લેનારને અવશ્ય મરવુંજ છે અને મુવેલાને ફરી જન્મ લેવા ગર્ભમાં આવવાનું છે. પ્રાણી માત્રને જન્મ મરણનું ચક્ર તમારી કૃપા વગર છુટવાનું નથી, મહાન પર્વતો, અને સમુદ્રોનો પણ એક દિવસ નાશ થવાનો છે તો મા ! આ રંક કીંકર સામું અમૃત દ્રષ્ટીથી જોઇ જન્મ મરણના ભયથી બચાવવા તમારા ચર્ણાર્વીંદનું પુજન, તમારી ભક્તિ, તમારૂં ધ્યાન, તમારો જાપ, તમારી સેવા, સદા સર્વદા મને આપજો, મારી વીનંતીનો સ્વીકાર કરો, હું તમારા ચર્ણા-વિંદમાં પ્રણામ કરી વારવાર માગું છું કે—સદા સર્વદા મારા ચિત્તમાં તમારો વાસો હજો. મારા મુખમાં તમારૂં નામ હજો, મારા ચર્મ ચક્ષુથી નીત્ય તમારાં દર્શન થજો, હું તમારો દાસ છું એવી ભાવના તમારે મારા વિષે હંમેશાં રાખવી, તમો મારાં ઇશ્વરી છો એવું હું મારા અંતરમાં નીરંતર ભાવના રાખું તેવી રીતે હંમેશાં ટકી રહે તેમ નીભાવજો. હું તો પામર પ્રાણી છું, હું તમારી સ્તુતી કઇ પેરે કરી શકું, આપ દયાળુને યોગ્ય લાગે તેવી રીતે તમો પોતે મને સદ્‌બુદ્ધિ આપી સદાનો તમારો ભક્ત સ્થાપજો.

હે મહીષાસુરને મારનાર મા ! આ મહિમય મહા સાગરમાંથી મારૂં રક્ષણ કરનાર તમો પોતેજ છો. એટલા માટે મેં તમારૂં શરણ લીધું છે. રાગ—દ્વેષાદિકથી રચાયેલો અને મહા પીડાકારી આ મીથ્યા સંસારમાં સદા સર્વદા મારૂં રક્ષણ કરજો અને મારી અજ્ઞાન રૂપી બેડી કાપી નાંખી અને તમારો ભક્ત બનાવી સદા સર્વદા મારૂં રક્ષણ કરી અંતે આપના ચરણ સમીપ રાખજો.

આજ સુધી મને મહાન ચિંતા થતી હતી કે મારી મુક્તિ કેવી રીતે થશે ? પરંતુ જ્યારથી સદ્‌ગુરૂ દેવીદાસના સદ્‌બોધથી તમારી

કૃપા વડે તમારી ભક્તિ તરફ વળતાં, તમારી સેવામાં હાજર રહેતાં હવે મારી ચીંતા શાંન્ત થઇ છે, હવે હું નિર્ભય બન્યો છું, હવે હું સંસારના ત્રિવિધ તાપથી અલગ થયો છું.

હે જગદંબે! વળી હું માગું છું કે કદાપી મારાથી કંઇપણ અપરાધ થાય તો તેની મને ક્ષમા આપવા દયા રાખજો. માજી! કદાપી તમારૂં શરણુ છોડી જેઓ બીજા પ્રકારના પૂજનાદિકમાં લાગે છે, તેઓને હું દૈવે ઠગેલા માનું છું. કારણ કે તે તપરૂપી વૈભવ છતાં તેઓ મોક્ષપદને પામી શકતા નથી, તેઓ તે સેવાનું પુણ્ય ભોગવી પાછા જન્મ મરણુના ચક્રમાં ચડે છે, તમારી ભકતીથી તથા તમારા પુંજનથી ભવસાગર તરી જેવી રીતે પરમ પદને પામે છે, તેવી રીતે તપથી, જપથી, જીતેંદ્રીયપણાથી, સમાધિથી કે શાસ્ત્રોક્ત યજ્ઞોથી થઇ શકિત નથી, આવાં મોક્ષપદને આપનાર માયાજી મૈયાને મારા પ્રણામ છે, મારા નમસ્કાર છે.

હે મા! તમારા નામનું સ્મરણુ કોઇ સમયે નીમિષ માત્ર કરવાથી પણુ અનેક ભગ્તોને અભયપદ આપ્યાં છે. એ વાક્યને સિદ્ધ કરી, તમારા તેવા પણુ નામોચ્ચાર કરનારનું કલ્યાણુ કરજો, મારી અલ્પ મતિથી મેં જે તમારી કૃપા વડે તમારી સ્તુતી કરી છે તેનો સ્વીકાર કરજો અને મને આ ભવ નીરભય કરી પાપ રહીત બનાવી અંતે આપના પરમ પવિત્ર મણીદ્વીપમાં હંમેશને માટે પરમ પદ આપજો, હું જ્ઞાતા નથી, પંડીત નથી, પુરાણી નથી, પણુ મુર્ખ અજ્ઞાની જડવત્ માત્ર નામનો પણુ તમારો ભગ્ત છું, તો બાનાની લાજ રાખી મને અને તમારા શકિત સમાજને આ જન્મમાં સુખી રાખી સદા તમારી ભગ્તિ આપી અભય વર આપી અભય કરશો.

જે તમારા નામરૂપી ઢાલ લઇ બેઠો છે તેને કદાપી કાંઇપણ વિઘ્ન આવતું નથી, તેનું અકાળ મૃત્યુ થતું નથી, અને દુઃખ, પીડા, રોગથી પીડાતો નથી. આ સત્ય છે અને તે વાક્ય હે જનુની તમો સત્ય કરજો.

હવે માજી ! આપની આ અલ્પ સ્તુતી કરી, આપને પુષ્પથી વધાવી આપની આપેલી બુદ્ધી પ્રમાણે હું અને શક્તિ સમાન યથાયોગ્ય ગુણ ગાઉં છું તેનું હે મા શ્રવણ કરી તમારા પુંજન વિષે પુષ્પ નહિ પણ પુષ્પની પાંખડી તરીકે સ્વીકાર કરશો.

ज्वाला कराल मत्युग्र ! मशेषासूर सूदनम ॥
त्रिशुलं पातुनो भीते ! भद्रकाली नमोस्तूते.

ભાવાર્થ—જેનું ઘણું તેજ છે, જેની ઉગ્ર બુદ્ધિ છે, ઘણા દૈત્યોનો નાશ કરવાવાળી, ત્રીશુળને હસ્તમાં ધારણ કરવાવાળી, એવી હે ભદ્રકાળી તમોને નમસ્કાર કરૂં છું.

ૐ શાન્તી શાન્તી ૐ

—:o:—

श्री.

परब्रह्म शक्तिए नमः

नमस्ते नमस्ते नमस्ते भवानी
त्वमर्कस्त्प मग्नि स्त्व मिंदु स्त्व माप
स्त्व माकाश भवायव स्त्वं चिदातमा ॥
त्व दन्यो नकश्चित्प्रकाशोऽस्ति सर्वं
सदानंद संवित्स्व रुपं त वेदम ॥ १
गुरु स्त्वं शिव स्त्वं च शकि स्त्वमेव
त्वमे वासि माता पितासि त्वमेव ॥
त्व मे वासि विद्या त्व मे वासि बुध्दि
र्गतिर्मं मतिर्देवि सर्वं त्वमेव ॥ २
श्रुति नाम गम्युं सुवेदा गमाद्यै
र्महिम्नो न जानाति पारं तवेदम् ॥
स्तुति कर्तु मिच्छामि ते त्वं भवानि
क्षम स्वेद मं ब प्रमुग्धः किलाहम ३
शरण्ये वरण्ये सुकारुण्य पूर्णे
हिरण्यो दरा द्यैर गम्येऽति पुण्ये
भवारण्य भीतं चमां पहि भद्रे
नमस्ते नमस्ते नमस्ते भवानि ॥ ४

(भवानि भूजंग स्तोत्र)

ભાવાર્થ—હે દેવી ! સુર્ય, અગ્નિ, ચંદ્ર, જળ, આકાશ, પૃથ્વી, વાયુ, અને ચિદાત્મારૂપ તુંજ છે, તારા વિના અન્ય પ્રકાશ છેજ નહિ, આ સમગ્ર વિશ્વ તે તારૂંજ સદાનંદ સંવિત સ્વરૂપ છે.

હે દેવી ! ગુરૂ, શીવ, અને શક્તિ પણ તુંજ છે. માતા અને પિતા પણ તુંજ છે. તુંજ વિદ્યા, બુદ્ધિ, ગતિ અને મતિ છે. તુંજ સર્વ (રૂપે) છે.

વેદ અને આગમ આદિ (સાધનો)થી શ્રુતિઓને પણ અગમ્ય તારા મહીમાના પારને આ વિશ્વમાં કોઇ જાણતું નથી, તે તારી સ્તુતી કરવાને હું ઇચ્છું છું. તે હે ભવાની તું ક્ષમા કરજે ? ખરે હું અત્યંત મુગ્ધજ બન્યો છું !

હે શરણાગત વત્સલ ! હે પુજ્ય અને અત્યંત કરૂણાપૂર્ણ હિરણ ગર્ભાદિથી પણ અગમ્ય અતી પવીત્ર કલ્યાણી હે ભવાની ! આ સંસાર-રૂપી અરણ્યથી ભયભીત થયેલો એવો જે હું તેનું તું રક્ષણ કર. તને નમસ્કાર છે.

नमो देवि महा विद्ये, नमामि चरणौ तव ।
सदा ज्ञान प्रकाशंमे, देहि सर्वार्थ दे शिवे ॥

હે દેવી ? તમને પ્રણામ કરૂંછું, હે મહા વિદ્યા, તમારા ચરણમાં નમું છું, હે સઘળા મનોરથ પૂરનાર, મંગળ રૂપ મને સર્વદા જ્ઞાનનો પ્રકાશ આપજો.

મંગળાચરણ.
શાર્દૂલ વિક્રીડ છંદ.
(૧)

જાચું છું જગમાત હું વિનયથી દ્રષ્ટી દયાની કરો.
આપો આતમદાસને દીન ગણી સદ્દબુદ્ધિનો મા ઝરો,
માગું છું તમ પાસથી મતિ અતિ ગાવા ગુણ ઇચ્છા મને
પ્રારંભે પરમેશ્વરી પ્રણમું હું પાયે પડી માતને. (૧)
ગાઉં શું હું ગુણ મા તમ તણા બુદ્ધિ મા મુજમાં નથી
વારીથી નિધિ ભર્યો અતિ ઘણો કીડી પીવાને મથી
તેવું મેં આ આદર્યું હૃદયથી મહિમા ગાવા કારણે
પ્રારંભે પરમેશ્વરી પ્રણમું હું પાયે પડી માતને. (૨)
ગાયે શેષ સદા સહસ્ત્ર મૂખથી તે પણ પામ્યા હારને
ગંગાધર વદી ગાય મા વદનથી પામ્યા ના તે પારને
બ્રહ્મા પણ બેઠા લઇ કર વિષે વેદો ભણી ચારને–પ્રારંભે. (૩)
નારાયણ નમી નિત્ય ગાય ગુણ મા વીણા લઇ લક્ષ્મીપતિ
ઇંદ્રાદિક સૌ દેવ સેવ કરીને હાર્યા મા મૂખથી કથી
તારો છે મહિમા અતિ મહિ વિષે વર્ણું શું હું મા કને–પ્રારંભે. (૪)
ઝાલી મેં કરને વિષે કલમને કથવા કીરતન તાહરૂં
ચાલે ના જરી હામ અંબા આજે બુદ્ધિ બળ આ માહરૂં
તો આપો માજી મને શુભ મતિ માગુ જોડી હાથને–પ્રારંભે (૫)
સૌમાં સાચી માત શક્તિ ભક્તિ અર્પી આશા પુરજો
રાખો દ્વાર સમીપ દાસ ગણીને માગું હું એ મૂળ જો
સ્વીકારો ગપુ કરગરે તમ તણો સેવક જાણો મા મને–પ્રારંભે (૬)

કાલીંગડો.

(૨)

તારી ન્યારી કૃતિ જગદંબા—રેતારી-૦
શેષ શું વર્ણવે સહસ્ત્ર મુખેથી
અલબેલી ગુણ હરદંબા—રેતારી-૦ (૧
ગુણ ત્રણ તુજમાં વેદ વસ્યા સૌ
શાસ્ત્ર પુરાણની પોથી
સર્વમાં સમર્થ દેવાધિ દેવા.
ઝગ ઝગ ઝળકે જ્યોતી—રેતારી-૦ (૨)
પળમાં રંકનો રાય બનાવે
રાયના થાય ભીખારી
જળ ત્યાં સ્થળમાં સ્થળ ત્યાં જળ કરે.
શું કહું મુખથી ઉચ્ચારી—રેતારી-૦ (૩)
ગ્રહ, સુર્ય, ચંદ્ર અને તારા બનાવ્યા
ભૂમિ જળ વાયુ વિચારી
સરિતા, સિંધુ, પહાડ ને પર્વત
વન, વૃક્ષો, ધટાકારી—રેતારી-૦ (૪)
મનુષ્ય બનાવી નાટય ભજાવે
નૌતમ નરને નારી
તેમના સુખના સાધન સર્વે
કીધાં થઈ ઉપકારી—રેતારી- (૫)
શા માટે સરજ્યાં તે સૌમાં વળી નાખે સંહારી

અકળ કળાના કોથી કળાય
તું કૃતિની બલીહારી—રેતારી- (૬)
ગણુપત ભટ્ટ શું ભાખે મુખથી અલ્પ મતિનો માજી
કીડી ડુંગર લઈને ફરે શું એમ ગુણ ગાઈ થયો રાજી-(૭)

(૩) (વેગે વહેલા આવો.)

આશા પુરો અંબારે, નમું જગદંબારે;
દરશન દેજો દાસને હોજી
દરશન માટે તલપી રહ્યું છે મારૂં મંન. આશા.

સાખી.

વીનવું વીલંબ ના કરો, કરૂણાળુ મા કૃપાળ
ઘો દરશન આ દાસને, હું છું મા કંગાલ
પાપી છું હું પ્રાણીઓ, પાવન કરજો કૃપાળ
આરાધું મા અંબારે-- દરશન. ૧

સાખી.

સ્તુતી કરૂં તે સ્વીકારજો, આણી અંતર વહાલ
કર્મ કુડાં જોશો નહિ, હું છું મા કંગાલ
બાનાની પત રાખજો, જાણી આપનો બાળ
સરવેશ્વરી સુખ દાતારે— દરશન. ૨

સાખી.

નારાયણીમાં નિભાવજો, ભક્તિ સાથે આપ
ભક્તિના ભેદો નથી, જાણ્યા મેં ઓ માત

ખાનું લઇને બેસીઓ, જોડી રહ્યો છું હાથ
આધાર લઇ અંબારે-- દરશન ૩

સાખી.

જગત વીપતથી ઉગારજો, નિર્ભય કરીને દાસ
મહાપદ આપો આજ માં, પુરી મનની આશ
ગણુપતને સંભાળજો, કરશો ના નિરાશ
માગું છું એ અંબારે-- દરશન. ૪

(૪)

ભેરવ.

નારાયણી આગળ નાચુંરે (૨)
નાચું નાચું નાચુંરે—૦
નીરખી મા મુખડું પરમાનંદ શું
જગદંબ જગદંબ જાચુંરે--૦
જન્મ મરણનો ભય મા ટાળ્યો,
પાપ બધું મા પ્રજાળ્યુંરે—૦
ત્રિવીધ તાપથી શીતળ કીધો
સરવેશ્વરી નામ સાચુંરે--૦
દરશન દઇ મૈયા પાવન કીધો
શુદ્ધ સ્વરૂપ દરશાવ્યુંરે—૦
દેવીદાસનો દાસ નમું છું
ગપુ કહે માને રાચુંરે—૦

ભુજંગી.

(૬)

મહામાત મોટી સદા તું દયાળી, દયા દ્રષ્ટીથી આપને સુખ વારી
ક્ષમા દોષ સર્વે કરી મા તમારા, સદા આપજે નિતીના બોલ સારા-૧
નમું માતને હીતથી શુદ્ધ કર્મે, મતી આપજે ચાલવા નિત્ય ધર્મે
ધરીને ભરૂસો જપુ માની માળા, સદા આપજે—૨
અતિ ઉપકારો મને મા જણાયે, સૌ જીવને નિત્ય આનંદ થાયે
કરો સહાય એવી ગણી ભક્ત પ્યારા, સદા આપજે—૩
નથી કોઇ કોનું સગું સત્ય સાચું, છતાં મોહ ફંદે અભાગી ફસાતું
દયા રાખી તારો તમે સત્ય તારા. સદા આપજે—૪
પડયો એકલો ભવરણે માત મારી, કરો સહાય આવી તમે છો દયાળી
કથીને કહું ના કરો દાસ ન્યારા, સદા આપજે—૫
કૃપાળી અરે સર્વ વાતે દયાળી, નમી નિત્ય પાયે પડું માત કાળી;
તમો આદ્ય શક્તિ વસ્યાં સર્વ ઠામે, ભણ્યા ભાવથી છંદ ગણપતરામે—૬

(૭)

બતાદે સખી

ભુલી ના જારે ભજ લે શ્રી અંબાનામ, ભજ લે શ્રી અંબાનામ(૨)ભુલી
ભવ ભય હારણુ સુખનું કારણુ રે, સમરો સદા સૌ ઠામ–ભુલી ના જારે
ખટ રીપુની સોબત છોડીરે, (૨) હ્રદયે ધરો શુદ્ધ નામ–ભુલી ના જારે
ધર્મ ધરો સદ ગુરૂને શોધીરે, (૨) મળે સદ્ મારગનું જ્ઞાન–ભુલી ના જારે
જગત જનુંની સમર્થ સૌથીરે (૨) કરશે સુખી સો ઠામ—૦
સાચી કમાણી કરી લે તું પ્રીતરે [૨] માયાને છોડી ન કામ—૦
કાળી પ્રતાપે કરગરી કહે છે રે (૨) નમી નમી ગણુપતરામ—૦

(૯)

ગજલ

જરૂર જાવું જાણ્યુ મુરખ જગતનેજી
સમજ સમજ હજીએ હાલ માત લે ભજી—૦
મોહમાયા મમત ત્યાગ, સત્ય શું ગણી
અવળ પંથ જઇશ ના તું સત્ય લે ભણી,
વિષય વેલે શું વીંટીયો, વ્હાલ બહુ ધરી.
સ્વપ્ન સમો આ ભવ બધો છે જાણી લે જરી—૦
ને ભજે ના માતને તે, જીવતો મુઓ.
જન્મ ગયો વૃથા બધો આ, બેડો ના કરી—૦
ધ્યાન ધરે શ્રી માતનું, તે ભવ ગયો તરી.
રામકૃષ્ણથી મહેશ કે ભજો હરી—૦
ધર્મ ધારે ધન્ય તેને, હું મુખે કથા
માનો બાળ ગપુ કહે છે ભવ તરો ભજી

(૧૦)

કાફી.

કહેજો સંદેશો મારો એહરે, આરાસુરમાં અંબા માને—કહેજો
તલપ તલપ કરે બાળ તમારો, દરશન કરવાનો ધરી નેહરે—આ
ઝાઝા દિવસ થયા દરશન કરે મા, કેહેજો દયાળુ રાખી સ્નેહરે, આરાસુર
વિપત વેળાનાં વ્હાલાં જનેતા, વીનવું હું રાખી માજી નેહરે આરાસુર.
છો ગુણવંતા મા ઝાઝું શું કહીએ, ટાળો વિયોગી દુઃખ દેહરે આ. ૪
જનમો જનમનો દાસ ગણી મા, ગપુનો સંદેશો માનો એહરે
આરાસુર કહેજો. ૫

(૧૧)

ઠુમરી.

તમ વીન મોરી કોણ ખબર લે, અંબા દીન દયાળીરે
માતુ વિના મા છોરૂં બિચારૂં, ટળવળી મરે જો ધારીરે
પળ પણ જનુની વિણ કેમ ચાલે, સમર્થમાં સુખકારીરે
હું છોરૂં છું છેક નઠારૂં, અશુદ્ધ અને અહંકારીરે
ભુલું તુંને હું ભુલીશ ના મને મા, દઈશ નહી વીસારીરે
ભદ્રકાળી ભવતારણ ભવાની, દરશન દે તું દયાળીરે
ગણુપત બાળક કરગરી કહે મા, લેજે સદા સંભાળીરે

(૧૨)

પીલુ.

મુજરો મૈયા માનીશો મારો, અંબા અનુચર મા ઉરમાં ધારો
પારે તમારે આવીને માજી, મારી હું માગું છું તમારો
છું હું અધરમી અવગુણ ભરીઓ, છું મા તમે તો દયા તણો દરિયો
સ્નેહની સેવા કરી નિત્ય વંદુ, પ્રેમના પુષ્પનો લેજો વધાવો
અબીલ ગુલાલ ને ધુપ ધરાવું, નેહનું નૈવેદ અંબા સ્વીકારો
ભક્તિ તમારી મા હૃદય વધારો, બુડતાં ભવસાગર પાર ઉતારો
રંક હું ગણપત નામ રટું છું, ગાઇ ગુણ જાપ જપું તે સ્વીકારો

(૧૩)

કાફી.

મનુષ્યા દેહ પામીરે, શક્તિ જેણે સમરી નથી
પુરણ પહોંચી ખામીરે, શીરે થાશે તેની ગતી

વહેપારી થયો પુરેપુરો પણ, લાગી ખોટ અપાર
ડાહ્યો કહેવાણો સૃષ્ટીમાં ભલે, એ ડહાપણ લાગી લ્હાય
ચતુરાઇ ચોટી ચોરેરે, આપી ઉંધી જેણે મતી ૧
પેટ માટે વેઠ કીધી ઘણીને, લક્ષ્મી લાલચે લોભાણો
જેને તેને ઠગવા લાગ્યો પણ, તેમાં તુંતો ઠગાણો
પડયો જઇ ફંદેરે, છુટયો ના તું જોને રતી ૨
લેખાં લેશે જે ઘડી દેશે જમડામાર
કુટીકુટી નળીઓ ભાગશે, પછી નાખશે નરક મોઝાર
ત્યાંથી કોણ છોડાવેરે, કરી સ્હાય તુંને અતિ
અમૃત ત્યાગી તું અસ્યા, વિષનો લીધો સાથ
સંત સોબત તજી ગયો, કુસંગીની વાડ
મૈયાના બાળીરે, ગયું કહે તેમરી

(૧૪)

સોરઠ.

આવો અલબેલી અંબા મા સેવક વીનવેરે સેવક વીનવેરે [૨] આવો.
અંતકાળનાં બેલી માજી, દરશનથી થાઉં મા રાજી
આપો દરશન પરસન થઇ મુખ એ કથેરે—સેવક. ૧
અવગુણ મારા આપ ન જોશો, પત પાવાવાળી ના ખોશો
ભદ્રકાળી ભવતારણ દુઃખડાને દહેરે—સેવક. ૨
નારાયણી નામે ઓધાર્યા, ભકત ઘણાને સુખમાં ઠાર્યા
અભય પદે પહોચાડયા તમને તે ભજેરે—સેવક. ૩
ગણપત કરગરે બાળ તમારો, અંબા મા મુજને તમો તારો
દયા દીલમાં લાવો આવો દીન કહેરે.—સેવક. ૪

[૧૫]

સોરઠ.

કાયા ઘડ ઘેર્યો છે મા, કાળે વ્હારે આવજોરે
કે વારે આવજોરે, કે વ્હેલાં આવજોરે
જોર ન ચાલે જરીએ અમારૂં, મન વસ્ય થાય ન હેત દયાળુ
ભક્તિ આપી ભગવતી તાપ બુઝાવજોરે કે.
ધરવા ધ્યાન હું બેશું જ્યારે, કુડા વિચારો આવે ત્યારે
કુડી મતી હણી શુદ્ધ વૃતી મા આપજો કે.
પાપ કર્યા તે આડે આવશે, અંત વખત વિપત્ત આણશે
માજી મુજને તે થકી આવી મુકાવજોરે કે વ્હેલાં.
ગણપત ગણો નીજ દાસ દયાળુ, દેવીદાસ કરગરે કૃપાળુ
ભગવતી ભજ તો ભાવે સંકટ ટાળજોરે કે.

(૧૬)

સોરઠ.

મુજને કોણુ ઉતારે પાર, તમ વિના કોણુ ઉતારે પાર મુજને
છું હું અનાથનાં નાથ સદા મા, રાખો દયા દીલમાંઈ સદા મા
દેઈ મુને આધાર, તમ વિણુ કોણુ ઉતારે પાર
જ્ઞાન આપી મુને જ્ઞાની બનાવો, સંસાર સાગર પાર નીભાવો
જાણી પોતાનો બાળ. તમ.
પુરવ જનમના પુણ્ય થકી મા, સેવા મળી શુભ તમ તણી મા
જાણ્યું મમ ભાગ્ય અપાર તમ. મુજ.

સબળ શાકતનું શરણું શેવે, આનંદમાંય સદા તે રહેવે
વેદ કરે છે પોકાર. તમ. મુજ.
આ સેવકની સામું જોશો, જગ જંજાળથી તારી લેશો
ગપુ ને સત્ય આધાર. તમ. મુજ.

(૧૭)

વારી જાઉંરે અલબેલી માને વારણેરે, અંબાને વારણેરે મૈયાને વારણેરે
ધન્ય અલબેલી એ અંબામા, રૂદે વશો હરદંબ અંબામા,
પ્રેમે પુજુ મૈયા ભવજળ તારનેરે માને. અંબા ૧
ઝથ ઝથ જ્યોતિ જગમાં ઝળકે, ભકતજનોનાં મનડાં મળકે,
એહા બધા મા અંબામાની ધારણેરે
ભકતવત્સલ ભગવતી ભવાની, વેદ પુરાણમાં પુર્ણ વખાણી,
સ્મરે સૌ કોઈ મૈયા મોક્ષને કારણેરે
દેવ સકળનાં કાર્યજ કીધાં, વિઘ્ન સકળ મા તાણી લીધાં,
પ્રમીત થયાં પણ શક્તિ સબળ સુખ સારણે
ગણપત દેવીદાસ વિચારો, વર્ણવી શું શકે મા ઉપકારો,
બલીહારી મહાકાળી ભવજળ તારનેરે માને.

(૧૮)

(અરે તું કેમ જાય ભુલ ભુલ)
ભક્તિ ભાવે કરી લે તું ભાઇ, શક્તિની સાચી સાંધી સગાઇ
કાચી કાયાનો ગર્વ નકામો, જો તું વિચારી કાંઇ
પાણીમાં પરપોટા થઇને, જાય જેમ સમાઇ

કાચો કુંભ છે મૃતીકા કેરો, ભરતાં પાણી માંઇ
ફટ લઇને ફુટી જાશે, પળ પણ ટકશે નાહી
પવન ઝપાટો જ્યાં બહુ લાગે, દીપક ટકે નહી તાંઇ
તેવી કાયા માયા જગતની, સદાની રહે ન સમાઇ
ગુલાબી રંગે બહુ રંગ્યો, તાપે ઉડે છે તપાઇ
સ્વપ્ને વૈભવ પામ્યો ઝાઝો, જાગે જુએ નહિ કાંઇ
તેમ કાયાનું જીવન જાણો, કાળ પકડશે સહાઇ,
ગણપત કહે સમરણ કરી લેજે, સદાગણી સુખદાઇ

(૧૫)

જીનુંરે થયુંરે દેવળ જીનુંરે—એ રાગ.

કાંઇ ના રહ્યુંરે મારૂં સરવ ગયું, આઇ અલબેલી અંબા—મારૂં.
લુંટાયો કુટાયો આવી અવનીમાં માજીરે (૨)
તરવાનું ઝાઝ મારૂં છુટીરે ગયું મૈયાજી. આઇ
વેઠ્યું દુઃખ ગર્ભવાસે, વૃથા સૌ જાય માજી (૨)
માયાની જંજાળે, વીંટ્યો મુંજાઇ મરૂં—મૈ—મુ—આ.
જન્મ મરણનો ફેરો મીટાવાને આવ્યો માજી (૨)
પણ મારે આઇ આતો ઉલટું થયું મૈયાઉ. આઇ
ભક્તિ ભરવાને બદલે લાલચે લેવાણો માજી (૨)
અહોદીન રાત પ્યારૂં કુટુંબ ગણ્યું મૈયા કુ૦ આઇ
સુડીનું ગુમાવ્યું હવે કરૂં શું હું બાળ માજી (૨)
આપો ભક્તિભાવે આયુષ્ય થોડું તો રહ્યું—મૈયા—આઇ
કરગરે ગપુ માજી મનુ પણ તારોરે (૨)
બચાવો હવે ઓ મૈયા વીનવી કહું મૈયા—આઇ

(૨૦)

દાસપરે દયા લાવોરે એ રાગ

આશ પુરો જગદંબારે જગ્ત જનુની આશ પુરો
લગની લાગી છે તારી ભક્તિ કરવાને માજી (૨)
નીભાવો મા નિત્યે અંબા અંબારે જગ્ત.
દરશન કરવાને માજી, આશા રાખું થઇ રાજી (૨)
અલબેલી આપો અંબા અંબારે જગ્ત.
દેજો જન્મ આ સુધારી, તાપ ત્રીવીધીનો ટાળી (૨)
અભયમા કરજો અંબા અંબારે જગ્ત.
ગપુ જાણી બાળ મૈયા, અરજી સ્વીકારો મૈયા (૨)

૨૧

ઓતરાનું સ્વપ્નું એ રાગ.

કરો સ્હાય સદા જગમાં તુ મને, વીનવું અતિ વ્હાલ ધરી તમને
ભવરણ છે વીકટ વદુ આપ કને, કરવી મુસાફરી કેમ બને
ખટ ચોર વસ્યા વનમાંય અરે,
શઠ કર્મ કરે બહુ કુંડાં અરે
ગયો હું ગભરાઇ એ જોઇ અતિ, નવ ચાલે ઉપાય જરીએ રતી
બળમાં બહુ બળીઆ બળ કરતા, કળથી કરે કેર કુભાંડી અરે
દઉં નામ જે રિપુ મુને વળગ્યા,
કરતાં બળ તે ન થયા અલગા
તુટી હામ ગઇ કરૂ અરજ સહી, ઉરમાં ધરજો તમો માજી બધી
પકડો કરથી ન નડે તે મને, નીરભય કરજો મમ માતુ તમે

બળીઓ બહુ કામ બધામાં જુઓ
સરદારપણું કરે તેનું ખુઓ
પછી ક્રોધ પ્રવેશ કરે વળતી, દઈ દોટ ને લોભ લીએ જકડી
મદ મોહ ને મચ્છર મારે અતિ, રહું એકલો હું તે વેળાએ અરે
સૌ સાથ મળી મન મારાને
લલચાવી લોભાવે નઠારાને
નહિ કાંઇ કહ્યું કરે મન પછી, હવે માત દશા શી મારી રહી
લુંટાવું પછી ભવરણ મહી, ભુલાવીદે માજી તમોને ખરે
નમી માત હું માગું છું આપ કને
ખટ રીપુથી દુર કરોને મને
દીયો ભક્તિ પછી ભવ તરવા ખરી, કરો શુદ્ધ અશુદ્ધ છું જાઉં મરી
ગપુદાસ ગણી જુઓ તેનાભણી, તરશે ભવજાળ બધી એ ખરે કરવી. કરો.

(૨૨)

હૈયાના ફુટયા હરિસંગે હેત એ રાગ.

મુરખડા મનડા, મૈયા શું માયા ન જોડી
યમ કિંકરને હાથે ચડતાં, કાળજું નાંખશે તોડીરે
પાપ કરતાં પાપી જીવડા, પાછું વળી ના જોયું.
નારાયણીનું નામજ લેતાં, જરીએ મન ના મોયુંરે
ગર્ભવાસમાં શ્વાસ ન લે તો, તે વેળા સ્હાય કીધી
બળતાં જઠરા અગ્નિથી લ્યા, શીતળ છાયા દીધીરે
આવી બહાર તે ગયો ભુલીશું, ભગવતી મુકી વીસારી
માતાપિતા સુત ભગની ભ્રાતા, વ્હાલા ગણી તેં તારીરે

માયામાં મન મલકી રહ્યું માઇ, ભક્તિ સામું ન ભાળે
લક્ષ ચોરાશી માગી લીધી તેં, હાથે ઓભા ત્હારેરે
હાર્યો બાજી હાથ ચડેલી, ચતુર થઇ ગયો ચુકી,
ગણપત કહે લ્યા ખરૂં હતું, તે દીધું અલગું મુકી

(૨૩)

રાગ બેડો માજી બુડતો

પ્રીતે નમું બાળ તમારેરે, મહા દુખમાંથી ઉગારોરે
દુ:ખ તણું હું વર્ણન કહું છું, સાંભળો મારી માત
ભવ દરિયામાં ડુબું હું માજી, ગૃહો તમો મમ હાથ પ્રીતે
દેહ રૂપી આ વહાણ છે મારૂં, અધવચ ગોથાં ખાય,
મન રૂપી આ ખલાસીયો છે, બુરાડવાને ચ્હાય પ્રીતે
જીવ ઘણું તેને કરગરતો પણ, માને નહિ જરી માય
ખટ રિપુ તેને ભમાવનારા છે, તેથી તે અવળો જાય પ્રીતે
મદ મોહ મચ્છર કામ ને ક્રોધમાં જુલમ કરે છે અપાર
જીવ ગરીબનું કાંઇ નવ ચાલે, કરજો વહેલાં તમે વ્હાર
ધ્યાન ધરમ દયા માજી આપીને, ભક્તિનો ઉગાડો ભાણ
બા કર જોડી મા મણીલાલ કહે છે, પાર ઉતારો મા વ્હાણ. પ્રીતે.

(૨૫)

વસંતતિલકા વૃત.

શ્રી જગત જનની નમુ નેહ ધારી, ભોળી ભવાની ભજીએ ભવભીતહારી
સ્તુતી તમારી કરવા મતિ ધ્યો દયાળી, સરવેશ્વરી હું સમરૂં ભદ્રકાળી ૧
નિશા સમયે ભકતો સૌ દ્વાર આવી, શ્રી માત ચરણે શીશને નમાવી,
ગાયે બધા મા ગુણલા મુખથી ઉચ્ચારી સરવે

કલ્યાણકારી પુંજા કરતા પુજારી, નવરાવે નેહ લાવી ગૃહી વાવ વારી
વસ્ત્રો ધરાવે ઉત્તમ અતી શુભકારી સરવે ૩,
શોળે સજાવે શણુગાર બહુ શોભે માડી, કીધું કપાળે કુમકુમ વળી આડઆડી
હીરાકણીની ટીલડી ઝળકે છે દહાડી સરવે ૪
ગુલાલ અબીલ અરગજા માને વધાવે, અક્ષત પરાગ પુષ્પો તણી ખુબી આવે
ધુપો કરી અતિ અતિ બહુ બહેક સારી સરવે ૫
નૈવેદ્ય મુકી ઉત્તમ માને જમાડે, મુખ વાસ માટે તાંબુલ પ્રેમે ધરાવે
ભકતો પછી મા ઉભા ધરી ધ્યાન ધારી સરવે ૬
સ્તુતી કરી રહ્યા પછી કરે સૌ ત્યારી
આર્ત્તી ઉતારે વળતી જગદંબા તમારી
ગુણ ગાયતાંય નિત્યે ભલા નીમ ધારી સરવે ૭
આદીત્તવારે અંબા મળવા પધારે, પ્રેમે મળી હળી પછી જયજય ઉચ્ચારે
બરદાળી આવી બહુચર કરી કુક સ્વારી સરવે ૮
આવ્યાં અધિક હર્ષેકાળી કૃપાળી, વાઘેશ્વરીને વેરાઇ તુળજા ભવાની
ભુવનેશ્વરી શ્રી ભગવતી પ્રેમે પધારી સરવે ૯
બ્રહ્માણીને ગીરીજા લક્ષ્મી લલિતા, સરવે સ્વરૂપે શકિત આવી અભીતા
બેઠાં બધા કરી સભા અતિ શુભકારી સરવે ૧૦
કાન્તી અતી શું શોભે અરૂણાકાશે, શાન્તી શશી સમ ઘણી તેજ પ્રકાશે
મુગટ મણી છે શીરપે ખરે મોરાકારી સરવે ૧૧
શણુગાર સોળ સજીને, સૌ મા બીરાજે, ત્રિશુળ ખણુ ખાંડા ચળકે અપારે,
વિદ્યુત તેજ કેરો સમુહ અપારી સરવે ૧૨
બ્રહ્મા મહેશ ખગપતિ, અતિ ખંત આણી

આવ્યા વળી ગણ્યા તે, નિજ હીત જાણી;
શુક્રાદી સુર લાવ્યા સાહીત્ય સારી સરવે ૧૩
પુજા કરે રૂષી મુની મન મગ્ન થાતા
મુખે ભણે ભગવતી જય જગત માતા;
સેવા કરી સૌ સુરો વંદે દયાળી સરવે ૧૪
હાવે નમી ચરણમાં ક્રય હસ્ત જોડી
વિનવું તને વિનયથી જય ભદ્ર ભોળી
છો નિત્ય સીદ્ધ શકતી આદી અનાદી સરવે ૧૫
સૃષ્ટિ સજી નીજ કરે વળી દયો સંહારી
સાકાર સ્વરૂપે વ્યાપી બધા વિશ્વમાંહી
અંતે તમો મહી સઉ જાગે સમાઇ સરવે ૧૬
ૐકાર રૂપ માજી નમું હું દયાળી
આપો સદા સરવદા ભકતી તમારી
આ ભવ અને અંતે કરો મા સુખાળી સરવે ૧૭
દેજો દયા કરી તમે સઉ વિઘ્ન ટાળી
દેજો મયા કરી બધે અમી દ્રષ્ટી વહાલી;
દેજો મતી ભગવતી કરૂં ભકિત તારી સરવે ૧૮
ગાયા આ ગુણ માજી થઇ રાજી ભારી
પદબંધ છંદ કરવા કીરપા કૃપાળી
જે કોઇ ગાય સન્મુખ અંબા તમારી સરવે ૧૯
તેનાં બધાં મા સંકટ હરજો દયાળી
ત્રીવીધ તાપ તેનો દેજો ભુજાવી
નીભાવો નિત્ય ભક્તિ તમે માત આપી સરવે ૨૦

બાવીશ શ્લોક સ્તુતિ તણા જે ભણ્યા છે
ભોળી ભવાની સન્મુખ ગપુએ ગણ્યા છે.
સંધ્યા સમે મુખ ભણે રહી નીમધારી સરવે ૨૧
રાખે સદાએ સૌને અતી સુંખકારી
સંસાર થાય સુખમય રીજે કૃપાળી
અંતે તે આપે મુકિત મણી દીપવાળી
સરવેશ્વરી હું સમરૂં જય ભદ્રકાળી સરવે ૨૨

શ્રી જગદંબાના પરમ ભકત ઉમરેઠના શેઠ અંબાલાલ સાંમળજીને પ્રસન્ન થયેલાં શ્રીહરસિધ્ધ માતાના નવરાત્રીમાં ગાયેલા છંદ.

રાગ માઢ.

જય હરસિદ્ધ માતા, સુખ શાતા ત્રાતા ત્રીભોવની માત
નમું વિશ્વ વિખ્યાતા, દીનની દાતા ત્રાતા ત્રીભોવની માત
આદ્ય શક્તિ કરે ભક્તિ તમારી, દાનવ દેવ તમામ
નારદ સારદ સિદ્ધ મુનીવર, નિત્ય રહે માનું નામરે
તું મા અન્નની દાતા, છો મા વિધાતા ત્રાતા ત્રી. ૧
વ્યાસ વખાણે પુરણ પુરાણે, વેદ વદે નિત્ય વાણ;
શીવ બ્રહ્મા ને વિષ્ણું માં વીનવે, અખંડ જ્ઞાનની ખાણરે
અલબેલી ઓ માતા, ગુણલા ગાતા ત્રાતા. ૨
ચરણે રાખો છો મા સેવક જનને, સ્હાય કરો છો માત
ગણપત તારો દાસ સદાનો વીનવે જોડીને હાથરે;
મમ શીર કર ધરતા પાપને હરતા ત્રાતા ત્રીભોવનની માત ૩

(૨૭)

હું હરસીધ્ધ માતા જપું તમારી માળા, નમુ નારાયણી
અંબામા ભૌચર વાળા

જગજનુની જાણી ધ્યાન તુમારા લગાયા, ભવસાગર
તરવા નામ મેં પાયા

તુંહી તુંહી અલબેલી આશ પુરો દઇ છાયા,
મુને રાખો ચરણુની પાસ લાગી છે માયા
હવે કરશો નહી મા દુર દેવ છો દયાળા હું હરસીધ્ધ ૨
હું સમજ્યો હવે સાચા સંબંધના ધારા
મરૂં મિથ્યા મારૂં મારૂં માની મન મારા
છે સ્વપ્ન સમો સંસાર, વીકટ ભવ ભારા
તરતાં મુકાડે સર્વ માયાના મારા
ઉગારો આવી હું શરણુ પડયો છું તમારા
કરજો કરૂણા અંત સમે, આવી તે વારા
છો ભકત વત્સલ એમ, વેદ કરે ઉચ્ચારા હું હરસીદ્ધ ૨
તમ નામનો જપતો જાપ જનો છે સુખાળા
કંઇ જન પામ્યા પાર ભવપાર, અભય પદ પ્યારા;
નહિ આવે ગર્ભની માંહી અમરપુર ફરતા
ધન તુહીઓ હરસીદ્ધ માત ધ્યાન તુમ ધરતા
અજ્ઞાની અભાગી અંધ અભિમાને ફરતા
ના જાણે મહિમા માતાનો ગર્વે ગળતા
જેણે સદગુરૂ દ્વારા પીધા પ્રેમના પ્યાલા હું હરસીદ્ધ ૨
મને શરણુ ચરણુમાં સદા રાખો રખવાળા
પળ પણુ કરશો ના દુર માજી મતબાળા

છે અરજી એટલી અંબા હૃદયે ઉતારો
ટાળો મૈયા ચોરાશીનો ફેરો મારો
ખરદાળી બેલી છો બુડતાં બાવડી ઝાલો
જંજાળ જગતની છુટું મતિએ આલો
ગણપત બેડો એકધારી નામની દ્વાળ
હું હરસીધ્ધ માતા જપું તમારી માળા.

(૨૮)

છંદ

ઉમરેઠ ગામે દલાલ પોળમાં હરસીદ્ધ મા વસીયાં સુખકાર
સૌ સેવક સાથે બાહ્ય બોલો, એ મૈયાનો જય જયકાર
અંબાલાલ શામળજી શેઠ કરે, સેવા નિત્ય નિત્ય નવે પ્રકાર
દેવળ બંધાવી શોભા કરી બહુ માને ધરાવે શોભ શણગાર
હાંડી ઝુમ્મર તકતા બહુ ટાંગ્યા, રૂશનાઇ થાતી રાતે સાર
સો સેવક સાથે બાહ્ય ૧
ચાંદીનું તોરણ ત્યાં ઓપે, ચાંદીના ઘડીયા છે ઘાટ
નાકે વાળી ગળે ગળું બંધ, કાને કુંડળ કરે ઝળકાર
ભાળે કુમકુમ આડ કરી માને, ટીલડી ચોડી છે તેજદાર
કર કંકણ ચુડીલો ચમકતો, પગ ઝાંઝરને પુર ઝમકાર
સાળુ ગુલાબી ઓઢ્યો અંગપર, કંઠવિષે પહેરાવ્યો હાર. સો સેવક. ૨
શીર છત્ર બીરાજે ચાંદીનું, મંદિર દીપે ઝાકઝમાલ
અખંડ દીપક રહ્યા સળગી માનો, સાથે ત્રીશુળ ને તલવાર
પુજા કરે અંબાલાલ પ્રેમે, મૈયાપર ધરી વ્હાલ અપાર
ધુપ દીપ નૈવેદ્ય ધરાવે, આર્તી, ઉતારી લાગે પાય
તુહી તુહી મૈયા બોલે મુખથી, નમી નમી કરતા નમસ્કાર. સો સેવક. ૩

ઉજ્જેણીથી આવી અલએલી, ક્ષીપ્રાતઠવાળી સુખકાર
સિદ્ધ કરવા સૌ કાર્ય ભક્તનાં, ભુવનેશ્વરી મા દીન દયાળ
વીર વિક્રમની વ્હારે ધાયાં, જ્યાં જ્યાં ભીડ પડી છે અપાર
કરી વિખ્યાતી સકળ જગતમાં, અંતે આપ્યું મા મોક્ષનું દ્વાર
તેવી કરૂણા કરજે કૃપાળુ, માગીએ વીનતી વારંવાર. સૌ સેવક સાથે ૪
સંવત ઓગણી છકોતરમાં, આવ્યો રૂડો અશ્વની માસ
નવરાત્રીના નવે દિવસમાં, ગુણ ગાવા મળે શકિત સમાજ
હારમનીયમ અને નરઘાં સાથે, કરે સ્તુતિ મા તારી અથાગ
છંદ બનાવા હુકમ થયો, ત્યારે લખીયો માનો આણી વ્હાલ
ગણુપતદાસ હરસીદ્ધ મૈયાનો ગાય ગુણ મ્હારો સ્વીકાર. સૌ સેવક. ૫

૨૯

(આરાધું અલબેલિ અંબા) એ રાહ.

આરાધીએ હર્ષ હરસિદ્ધ મા, પ્રેમે પુજીએ પદ તારા,
ક્ષમા કરો અપરાધ હમારો, શરણ ધરો ન કરશો ન્યારા
ભજે ભાવે ભક્તો ભય હરણી નિત્ય લઇ નામ
પુરી પાડો સૌની હામ, કરો સકળ સત્ય કામ, અંતે આપો મોક્ષધામ
અમો માગીએ વિરામ—ભજે ભાવે ભક્તો ૧
નરેશ નગર ઉજ્જેણી કેરો, જશ પામ્યો જગમાં ઝાઝા
પર દુઃખ ભંજન થયો તે મા ત્હારો સૌ પ્રતાપ (૨)
વીર વીક્રમ અમાપ, પામ્યો અધિક તે માપ,
ટાળ્યા તેના સૌના તાપ, ક્ષણે ક્ષણે મારી માત પરદુઃખ.
પળ પણ ના વિસાર્યો ભક્તને, છે ભક્તો તમને પ્યારા ૨

આવી ઉજ્જેણીથી ઉમરેઠ ગામ તું કૃપાળ
દયા રાખીને દયાળ, અંબાલાલ જાણી બાળ
કર્યો મુકામ મયાળ, કરે સેવા સઉ અપાર
આણી અંતરે બહુ વ્હાલ   આવી ઉજ્જેણી.
દલાલ પોળમાં આવી વસ્યાં મા, સેવકને સુખના કયારા   ૩
આવે આસો રૂડો માસ, નવરાત્રી કેરો ખાસ
મળી શકિતનો સમાજ, ગુણ ગાયે સઉ સાથ
ઉભા જોડી દ્વીય હાથ, પુરો આશા અંબે માત.   આવે.
ગાવે ગુણ ગણપત કરગરી મા, હરસીદ્ધ દો સુખના વારા. ક્ષમા.

૩૦

રાગ ઉપરનો.

પાયે પડું પુરણ ધરી પ્રીતી પાવાગઢ પટરાણીને
એકાગ્રહે આરાધું અંબિકા અધિક ઉલટ મન આણીને
દેવી દીનની દયાળ, કાળી કંટકની કાળ (૨)
જાણી બાળ પ્રતીપાળ, મારી ટાળો ભવ જાળ
સ્હાય કરો મા મયાળ, દેવી દીનની દયાળ
પરમેશ્વરી પુરણ ધરી પ્રીતી, પાળોને પામર પ્રાણીને—એ.   ૧
જગદંબા જપુ જાપ, કષ્ટ કૃપાણુ મા કાપ (૨)
ટાળી તાપ, ઘટ પાપ, સુખ આપ, માને બાપ,
માગું માફ, જોડી હાથ, કરૂં વીકટ વિલાપ—જગદં.
નારાયણી નમું નેહે નીભાવો, દીન દાસ નયણે ન્યાળીને   ૨

આદ્ય અખંડાનંદ, મારી વાચા મતીમંદ (૨)
ટાળો અંતર છે અંધ, સાચો આપનો સંબંધ
વીટયા માયા તણા બંધ, ખોટા કીધા બહુ ફંદ—આદ્ય
કાળ રાત્રી કર ગૃહો કૃપાળુ, કરગરી કહું કલ્યાણીને એ. ૩
મધ્ય ઉદધીમાં ઝાઝ, દેવી ડુબી જાશે આજ (૨)
કરો કીંકરનું કાજ, જાયે નહિ માજી લાજ રાખો હૃદયમાં દાઝ
તમો છો મા શીરતાજ—મધ્ય ઉ.
બીડ ભંજન ભગવતી ભવ તારો ભાવે ભજું બ્રહ્માણીને એ. ૪
વીધી વિશ્નુને મહેશ, મોટા શુર મુની શેષ (૨)
ઈંદુ અરૂણુ ગણેશ, સ્વર્ગ પુરીનો નરેશ
નારદ સારદ શુરેશ, માને આરાધે હંમેશ—વીધી
શાસ્ત્ર પુરાણે વ્યાસ વખાણે વેદ વદે એમ વાણીને—એ ૫
જેવો તેવો તન તારો, મુને મારો કે ઉગારો (૨)
એક આધાર તમારો, આવા ગમન નીવારો
ભય ટાળી ઠીક ઠારો, જાણી નોધારો આધારો—જેવો.
કહું ગપુ કર જોડી માજી પાયે પડુ લ્યો ઉગારીને
એકા ગૃહે આરાધું અંબિકા, અધિક ઉલટ મન આણીને

(૩૧)

સમરૂં સદા ભરપુર—આપો એ રાગ.

નમી નમી માતને આજ, માગુ હું આજ ક્ષમારે
પ્રબળ મા શક્તિ સરવ વશીમા, ભૂમિ મંડળ આકાશ,
નદી દરિયો ગૃહ ચંદ્ર ને તારા, સૌમાં છે માનો પ્રકાશ—માગુ.
પ્રાણી બનાવ્યાં વીવીધ પ્રકારનાં, અન્નવસ્ત્ર આપી રસાલ,
અતિ અતિ સરજ્યું સૃષ્ટી વિષે મા, તમ દૃષ્ટીનો નહિ પાર—માગુ

ન્યારી કૃતીના ભેદ ભણું શું, જાણે ન વિષ્ણું મહેશ
શહસ્ત્ર મુખે ભણે શેષ શું સ્નેહે, ગણી ન શકે જો ગણેશ—માણુ
હું દુરબળ છું દાસ તમારો, આપનો મહીમા અપાર
શું શું કર્યું કરૂં શું હું મા ભક્તિ, અલ્પ મતિનો છું બાળ—માણુ
પુષ્પ નહિ પુષ્પ પાંખડી લાવી, પુજુ તુને મા કૃપાળ
માની લીયે મત બાળી અંબા મા, જગજનની પ્રતીપાળ—માણુ
પતીતને પાવન કરવા છો સમરથ, પાવાગઢ વશનાર
ગણપત જોડી હસ્તમા ઉભો, ભૂવનેશ્વરી ભય ટાળ—માણું

(૩૨)

ચાલો સ્નેહે મળી સૌ સાથ, પુજન માનું કરીએરે
સાચા સુખની માનીએ વાટ, માના ગુણ ગઇએરે
જગત જનેતાનું સમરણ કરીએ, ત્રીવીધ તાપથી મુકતજ થઇએ
એકાગ્રતીથી ત્યાં રહીએ, પુજન કરીએ
સુરતી માતાની હૃદયમાં ધરીએ, ભૂવનેશ્વરીને રાખીએ હૃદયે
તેથી આ ભવ સિન્ધું તરીએ, પુજન કરીએરે
ધ્યાન ધરણીધર કેરૂં ધરીને, ચોવા ચંદન હસ્ત માંહે લઇને
અરચન અંબાને દઇએ—પુજન.
અબીલ ગુલાલ ને સીંદુર સારૂં, ધુપ નૈવેદને દીપક વારૂં
માજીના ચરણોમાં ધરીએ—પુજન
માલતી પુષ્પો કરમાં લઇને, દ્વીકર જોડી ધ્યાન ધરીને
માને સૌ સાથે વધાવીએ—પુજન.
પાયે પડી માફી માગીએ વળતી, કરજો ક્ષમા અપરાધ હૃદયથી
સ્તુતી કરી ઘેર જઇએ, પુજન કરીએરે

ભક્તિ રસ કેરો સ્વાદને ચાખી, નામ રટણ હ્રદય માંહે રાખી
ગનુ કહે તેતો પુજન સહુ ભાગી

(૩૩)

રાગ પ્રથમ નમુ ગણપતી એ રાગ.

આરાસુરી અલબેલી અંબામાજનમું જય જય જગમાત, ક્ષમા અપરાધ કરોદઇ માફ
જન્મ દીયો જગમાંહે જનુની આપી મનુષ્યા દેહ, લક્ષ ચોરાશી મીટાવા તેહ
ગર્ભવાસે કરી રક્ષા ભવાની ભકતની લઇ સંભાળ. દયાળું દીન તણા દાતાર
વીનતી શુણીનીરભય કરી મૈયા કહાડ્યો મુજને બ્હાર, કરી મા મારી બહુ
પોષણુ કરી મને મોટો કર્યો મા, ભૂલ્યો ગુણુ અમાપ, ક્ષમા અપરાધ ?
માયા જાળમાં ઝડપઇ ગયો મા ઝીચો કાંઇ ન વિચાર, ભૂલ્યો ભગવતી માતુ સુખકાર
ભક્તિ કીધીના પળ પણુ મૈયા જપી નહિ જપમાળ, મિથ્યા મમતામાં ગાળું કાળ
કુટુંબ કબીલો પ્રીય ગણ્યો મા વૈભવને સુખકાર, કામ ક્રોધ લોભને લલુતા અપાર
ધન રળવા કર્યા કર્મ કુડાં બહુ કરવા સુખી પરિવાર
પાપનો પુરો ભર્યો ભંડાર.
ખાધુ ને પીધું પુણ્ય ન કીધુ તનપર વેઠ્યો તાપ ક્ષમા ૨
જગત જનેતા ઓ મંમાયા, તારૂં ધર્યુ ના ધ્યાન
વહ્યો આયુષ્ય બન્યો અજ્ઞાન.
આજ સુધી મેં કાંઈ ન જોયું, જાણ્યું નહિ તલભાર
આવ્યો અણચીતવ્યો માજી કાળ.
પાપ તણો જે થાપ કર્યો મેં થવા ધનવંતો અપાર
પ્રપંચી બન્યો કર્યો વ્યભીચાર,
પસ્તાયો બહુ યાદ આણી સઉ થશે હાલ શા માત ક્ષમા ૩

હવે શરણુ રહી કરૂં સ્તુતી મા લેજે મમ સંભાળ
દયા કરો દીન તણા દાતાર
યમ આવી કરે જુલ્મ ઝાઝે ત્યાં વ્હાર કરીને કૃપાળ
ઉગારજે જાણી આપનો બાળ.
વળી આરાસુરી માગુ એટલું, રાખો ચરણુની પાસ
હમેશાં મણીપુરનો વાસ
દેવીદાસ ગુરૂ કૃપા કરી મા ભક્તિનો ખોલ્યો ભેદ
પરબ્રહ્મ શક્તિને સમરે વેદ
આપુ ગુણ ગાઇ વદે મુખથી માજી તમ પરતાપ   ક્ષમા અપરાધ ૪

છંદ ૩૪

ભદ્રકાળી મા ભોળી ભવાની સચરાચરમાં ગાજે છે
ઉમરેઠ ગામે વાવ મહીમા, જગત જનુની બીરાજે છે
જન નમેરા થયા જગતમાં, ભક્તિ ભાવ સૌ ભુલ્યા છે
અબળ શક્તિને મુક્યાં વિસારી, ઢોંગી ધર્મમાં ડુલ્યા છે
ચાલે ખાપર જ્યાં જનુની કેરૂં, ત્યારે યાદ સૌ આણે છે
મોત મારથી બચવા જીવ સૌ અલબેલીને માને છે
સંવત ઓગણી બોંતેર કેરી. વસમી સાલ આ ચાલે છે
ખપ્પર ખાંત ધરીને ખખડ્યું, લાંબી ફાળ ભરી મહાલે છે
હાહાકાર મા હુવો નગરમાં, જન ઝાઝા ગભરાવે છે
ચાલી ઉજાણીઓ કરે ઉમંગે, તારા ગુણ સૌ ગાયે છે
ક્ષમા કરો હદ થઇ અલબેલી, ભાવે ભક્ત એ માગે છે   ઉમરેઠ
આશા ભરેલા જન જગતના, પળમાં તાણી લીધા છે
સાચી શકિત મા સૌએ જાણી, હોમ હવન બહુ કીધા છે

દુઃખી સૌ દુનિયા માજી દેખાયે, અંબા અંબા મુખ ભાખે છે
ના માને પણ નીચ નમેરા તે પણ, પાયે લાગે છે
થર થર કાયા ધ્રુજે જનેતા, બાધા આપની રાખે છે
છોરૂં કછોરૂં થાય કદાપી, માજી દયા દિલ દાખે છે
અરજી અમારી આજે અદાપની, સુણજો જુલ્મ બહુ કીધો છે
શા પાપે પેદા થયો રોગ મા, ભારે સપાટો દીધો છે
જોઇ ઝપાટો તન બહુ તરફડે, નૂર વીના મુખ વીલાં છે
દયા દયાળુ કરો મમ મૈયા, ગાત્ર સરવનાં ઢીલાં છે
કૃપા કરી કાળી કલ્યાણી, હરો રોગ દિલ દાજે છે કમરેઠ
હુંપદીઆનું હુંપદ મૈયા, તેં તે સૌનું ભાગ્યું છે
જીવનું જોખમકારક જાણી, દિલ દહનવા લાગ્યું છે
આપ હમારાં જગત જનેતા, ભકતોને શરણે રાખે છે
ઝાઝો ઝપાટો ચાલ્યો હવે મા, સૌ જન માફી માગે છે
તમવિણ બેલી કોઇ નથી કહું, કોણ બચાવે બાળકને
જાયા સુતને ઝેર દીયે તો, શું કહીએ મા પાળકને
જગત જાણીતા જન દયાળુ, દુનિયાથી દુર કીધા છે
બાધાના બાંધેલા પ્રાણી, કાળ મુખમાં દીધા છે
દુઃખ ભંજન મા તુ છે નીરંતર, સૌનાં સંકટ કાપે છે કમરેઠ ૭
ઘરભંગા માં ઘણા થયાને, રતિ સમ રાંડી બેઠી છે
રાત જાય ને વ્હાણુ વાય મા, ચિંતા ચિંતમાં પેઠી છે
શેરી પોળે થાય પોકારો, ત્રાસ તણી તાળી પડતી
હીંમત વાળા હામ હારીયા, દુઃખદ વાદળી રહી ફરતી
બીજી જાયા મા રોળાયા, ભારી ભય ત્યાં ભરાયો છે
સાચાં શકિત સૌ માને મનથી, આંસુ આંખેથી ઢળાયા છે

વિશ્વ વિષે વિશ્વાસ ઇશ્વરી, હાવે હદ મા વાળી છે
વાઘ ચઢી મા વેગે પધારો, ક્ષમા કરો અર્જ મારી છે
હાથ જોડી રણછોડ કહે મા, ભક્તને સુખડાં આપે છે,
ઉમરેઠ ગામે વાત મહીમા, જગત જનુની બીરાજે છે ૪

(૩૫)

છંદ

અંબાનું દરશન ભુલ્યો હો રાજ, મારી અંબાનું દરશન ભુલ્યો
ભોગ વિલાસમાંયે ડુલ્યો હો રાજ, મારી
સ્વાર્થ દેખી થાય શુરો પુરો બહુ, રાત દિન જઇ ત્યાં જુલ્યો
કાચી કાયાને સાચી ગણી તે, મોહમમતામાં ડુલ્યો હો રાજ૦ મારી૦
સ્વપ્ને ભજ્યાં નહિ ભુવનેશ્વરીને, અમુલ્ય વખત તેં ગુમાવ્યો
પ્રગટ્યો ન પ્રેમ જરી પરમારથ કામમાં,પાપમાંય પાયને ઝુકાવ્યો હો રાજ મા.
પુણ્યને નામે એક કોડીન ખરચે, આડો અવળો તેં દામ ઉડાવ્યો
અંબાનો દાસ રણછોડ રટે છે, અંબાનો જાપ નવ ભાવ્યો હો રાજ મારી

(૩૬)

સંસાર સુખને સાચુ માની મા, ભક્તિ મેલી મેં વિસારીને
આરાસુરી અલબેલી અંબામા, આપો ભક્તિ ભય ટાળીને
મારૂં મારૂં ગણ્યું મીથ્યા મમતથી, ખેડો હું માન ગુમાવીને
પાપ બાંધ્યું છે પાર વિનાનું, મસ્ત માયામાં ઝુકાઇને
જ્ઞાન ધરીના ગુણલા ગાયા, જનુની ભારે મારીને
મોંઘો મનુષ્યા દેહ મળ્યો છે, તે ન જોયું મેં વિચારીને
અહાર વિહાર સૌ દેહના ધર્મો, પશુપક્ષી પણ જાણે છે
મુર્ખ થયો મેં કાંઇ ના જાણ્યું, મલિન માયા મન તાણે છે
ભોગ ભોગવી રોગ વધાર્યા, તનમાં વ્યાધી વધારીને ૧

કુબુદ્ધિ મારી રહી હજી મા, ચાલ ખોટી મા ચલાવીને
પરનારી પરધનપર ધાયો, ફાલ્યો ફુલ્યો ભવ હારીને
લોભ લાલચે લેવા દોડયો, લાભ ખોયો લપટાઇને
નફો લેતાં મા ટોટો પડયો છે, રહ્યો પછી પસ્તાઇને
પરદ્રોહ પર નીંદા ના છોડી, પરને આળ ચડાવીને
પર આશા નીરાશા કરીને, થયો રાજી દુઃખ ભાળીને
સત્ય માર્ગના સ્હાગો સ્નેહથી, રાખી નહિ દરકારીને ૨

કુટીલ કર્મ બહુ કીધાં કૃપાળી, વૃથા મોટાઇમાં મ્હાલીને
અણુ ચીતવ્યું યમ તેડું આવશે. જાશે જીવડા ઝાલીને
તે સમયે કોઇ સગુ થશે નહિ, માત તાત કે નારી જે
ભ્રાત ભગની સૌ કુટુંબ કબીલો, રહેશે મુખ સૌ ફાડીને
થરથર કાયા ધ્રુજે જીવની, પાપ પોટકું ભાળીને
સત્ય કૃત્યના જોયું સાથમાં રડે સરવ સંભાળીને
વીકટ વાટ વસમી છે અંબા મા, પાર પાડો કર ઝાલીને ૩

ભકિતરૂપી રસ અમૃત પાવો, મારી મતિ મા સુધારીને
શેવા સર્વદા દેજો તમારી, કુમતિ કુડી નીવારીને
સદ્કરણી મમ કરથી કરાવો, ભકત આપનો બનાવીને
નોધારાનો આધાર બનો મા, ભવસાગર લ્યો તારીને
મણીપુરમાં વાસ આપજો, લક્ષ ચોરાશી મીટાવીને
ફરી જન્મ ના દેશો જગતમાં, માગુ ચરણુ શીર નામીને
રણછોડો રણછોડ વીનવે, વીનતી લેજો સ્વીકારીને
આરાસુરી અલબેલી અંબામા, આપો ભકિત ભય ટાળીને

(૩૭)

જો જાગી જીવ જરા તપાશી, શું ઉંઘે થઈ મન રાજી
બેચર બાળી અંબા દયાળી, ભજ ભાવે માજી માજી
નષ્ટ થઇ નાણું મેળવતો, પરમારથે પઇ ના દીધી
શું રળ્યો કહે ઉલટો લૂટાયો લબાડ લાલચો તેં કીધી
પાપનો પંથ સદા તેં શોધ્યો, સત્ય ધરમ દીધો છોડી
આવ્યો એવો જાઇશ ઝુલતો, મુવો મિથ્યા જગમાં દોડી
પરદુઃખ દેખી દયા ધરી નહિ, શાસ્ત્ર વાત ના ઉર આણી
પડતાં કાણું ઘટમહી જોજે, બધુ વહી જાશે પાણી
ભય આણ્યો ના ભગવતી કેરો, મુરખ રહ્યો મદમાં રાચી બેચ. ૧
રીદ્ધી સીદ્ધી ને ધાણું થોડું સૌ નથી ગયું કોઇની સાથે
મધમાંખીના મધની માફક, જશે જરૂર બીજા હાથે.
માત તાત ભગની અને ભ્રાતા, નારી પુત્ર સૌ પરીવારે
કોઇ કોઇનું નથી સંબંધી; કોઇ નહિ સંગ ત્યાં આવે
બળી ખાખ થઇ કાયા જશે આ, જીવ જમડા લઇને ચાલે
કર્યા કર્મનાં લેખાં લેશે, પાપી પ્રાણી ત્યાં શું આલે
ભક્તી કીધી ના ભુવનેશ્વરીની, ધ્રુજે ઉભો રહી ત્યાં પાજી ૨
ઘોરે અજ્ઞાન નીદ્રામાં નીત્ય તું, રાત વીતી થાશે વ્હાણું
લાભ લેવાને આવ્યો જગતમાં, ગાંઠ તણું ખોયું નાણું
ફરી ફરી નહિ મળશે વળી વળી, આવું ઉત્તમ તુજને ટાણું
મુક્યું અભાગી આગે જમવા, અમૃત પાક પીરસી ભાણું
આવ્યો પવન લઇ ચાલ્યો ભાણું, રહ્યો ભુખ્યો એ પરમાણું
મળ્યો એમ મનુષ્ય દેહ તુજને તેતો તેં કંઇ ના જાણ્યું
લક્ષ ચોરાશી ફેરો રહ્યો શીર, હજી વીચારી જો જાગી ૩

ચેત ચેતાવું પામર પ્રાણી, ફરી ફરી તુને સમજાવું
સાચુ નામ નારાયણી કેરૂં, ભજી ભવતર એ બતલાવું
ભક્તિ વિના ભય નહિ તુજ ભાગે, અવર ઉપાયે નહી ફાવું
પાપ પુણ્યનો તું છે ભોકતા, તારે એકલા ત્યાં જાવું
જે જે કરમ તેં કીધાં હશે તે, કહેવાં પડશે ત્યાં સૌ વારૂ
જરા જોર નહિ તારૂં ચાલશે, વીકટ વાટનું છે બારૂં
તેથી કહે રણછોડ ચેતીને, નામ રહો સૌ થઈ રાજી
બહુચર બાળી અંબા દયાળી, ભજ ભાવે માજી માજી

(૩૮)

પ્રભાત.

પ્રીત કરી ભજ સદા ભાવથી પ્રાણીઆ ભગવતી ભાગશે કષ્ટ તારૂં
ભક્તિ રસ ચાખ્ય તું નીત્ય પ્રાતઃ સમે, શાન્તીનું સ્થાન છે એજ સારૂં
જગતની જાળના પાસથી છોડશે, ટાળશે તાપ ત્રીવીધ કેરા
શક્તિની ભક્તિ કર ચીત્ત દઇ તાહરૂં, ખાળશે આવતા યમ ઘેરા
ભજ સદા સર્વદા ચેતીને જીવડા. જોગ જો આવશે ને ફરી આ
ગરક શું થાય છે મોહ માયા વિષે, જ્ઞાનની વાતને દુર કરી આ
આ કળી કાળના રાજમાં શું રમે, ભોગ તું ભોગવે રોગ ઝાઝે
કામના લોભથી ક્ષોભ પામ્યો નહિ, પાપીઆ જોગ જો આવો ભાગ્યો
જાગતી જોત છે જગતમાં માવડી, નીત્ય ભુવનેશ્વરી પુંજ પ્રીતે
પુંજીને પ્રેમથી માગ્ય તું સન્મતિ, દૃઢ એ રીતને રાખ્ય ચીત્તે
આશરો એક એ સત્ય અંબાતણો, એમ તું આણુને મન માંયે
દાસ ગણુપત તણી આશ પુરી ખરી, આપી માએ અતી આપ છાંયે.

(૩૯)

પ્રભાત.

જાગીને જોઉ ત્યાં જગત વિષે બધે, આપની અટપટી માયા ભાસે
છો પરિબ્રહ્મ મા શક્તિ મા આદ્ય છો, સકળ જીવો રહ્યા આપ આસે.
પંચ મહા ભૂતની દેહો દીધી બધે, પંચ મહી તંત્ર મુકયા તમે મા,
તત્વોના તત્વને સોંપ્યાં સઉ સાથમાં, ઉદ્ભવે ને વળી સૌ સમે મા
શક્તિ ચૈતન્યમાં આવી વશી અંગમાં, ત્યારે આ સ્થૂળ બધું હાલે ચાલે
આપના તંત્રના મંત્રના બળ વિના, કોઇથી કાંઇ નહિ કાંઇ થાયે
વિષ્ણુમાં મુકીમા શક્તિ પાલણતણી, બ્રહ્મા ઉત્પન્ન કરે સર્વ પ્રાણી
શીવ સંહારીને શાન્ત પામે ખરે, એ બધી આપની શક્તિ જાણી
સુર અને અસુર તે આપ લીલા બધી, ઝાડને પાડ નીધી જળ ઉંડાં
સ્વર્ગને નર્ક તે ન્યાય ખાતાં કર્યાં, પુણ્યશાળી અને પ્રાણી કુડાં
જ્ઞાનવેતા ધરે જ્ઞાનથી ધ્યાનમાં, એક ચીત્તે સદા શક્તિ સાચી
દાસ ગપુ જે ભણે ભગવતી નામને, નીત્ય રહયો માતને રાચી રાચી

(૪૦)

પ્રભાત.

ધ્યાન જગદંબા તણું ધર અલ્યા આળસુ, જે થકી જન્મનું દુઃખ જાયે
અવર ઉપાધીને અલગ તું દે કરી, તાપ ત્રીવીધના દુર થાયે
ઉઠ આળસ તજી પ્રાતઃકાળે અલ્યા, સબળ તું સાંભળી નામ લેને
જાપ જપ જગતની માતના નામનો, પાપના થાપને બાળી દેને
સકળ કલ્યાણથી માતના ચરણમાં, રટણથી સુખને શાન્તી મળશે
મોઘો મનુષ્યા તણો દેહ તું પામીઓ, મોક્ષનો માર્ગ તુજ હાથ ચડશે

કલ્પ જો વૃક્ષ છે નામ અંબાતણું, દુઃખ દાળીદ્ર સૌ દુર કરશે
ભક્તાધિન ભગવતી ભક્ત શીર કર ધરી, વીકટ વીપત બધી અંબા હરશે
શક્તિના શરણમાં જે રહ્યા સ્નેહથી, તે તણો જશ બધું જગત બોલે
રંક પણ મન તણાં વીઘ્ન હરિયાં બધાં માજી એ બાળને રાખી ખોળે

(૪૧)

પ્રભાત

ઉદય ભાનુ થશે, વાણું વાયું ભલું, ત્યાગતાં નીદ્રાને નામ લઇએ
સમય મંગળ ભલો નામ મંગળ ખરૂં માતનું સ્નેહથી સર્વ દઇએ
સર્વ મંગળ કરે કાર્ય મંગળ મઇ, દીન આખો બધો જાય સારો
ભગવતી ભદ્રકાળી ભલી ભાવથી, ભદ્રને ભદ્ર ભાઇ મુખ ભાખો
નામ નારાયણીનું જપો નેહથી, પાય વળતી ભૂમિમાંય ધરીએ
હૃદયમાં માતની મુરતી રાખીને, ધરણી માને નમસ્કાર કરીએ
નીરથી મુખને ખૂબ ખંખાળીને, શૌચ આદી પછી કર્મ કરવું
સ્નાન સાધન થકી ઇષ્ટ પુજન કરો, વળતી શ્રી માતનું ધ્યાન ધરવું
આમ જન જેહ સદા નીત્ય નિયમ ધરી, કાર્ય કરશે ભલું તેનું થાશે
રામ ગણપત કહે સુખી રહે સદા અંતમાં મોક્ષના ધામ જાસે

(૪૨)

બીભાસ

જાગોને દયાળી મૈયા, ભક્ત આ જગાડે
વાયાં છે વાણેરાં ભલાં, વીલંબ કાં લગાડે
ભક્ત તણી ભીડો ભાંગો, આવો વહેલાં ધાઇ
આરાધુ અલબેલી મૈયા, સ્મરૂં હું પ્રભાતે

આટલું આળસ કેમ આવ્યું છે ઓ માજી
શુર તણા સંકટ સમયે, ચડયાં ઝટ વાહે
મહીષાસુર હણવાને, લીધો ના વિશ્રામો
ખપ્પરને ખડગ ગ્રહ્યાં, કરમાં હે આપે
તેવું બળ આજે કેમ, ધરો ના દયાળી
આવ્યો કળી કાળ તેથી નથી શું તું ...
ભક્તના સંકટ સમયે, નીદ્રા કેમ લીધી
શાને કાજે બેઠા અવળાં, મૈયા તમો આજે
પુત્રની પ્રીતી પાળો, ગણી નીજ બાળે
જનુનીનો પ્રેમ ઓછો, થાયે ન કો કાળે.
વીલંબ કર્યાથી વાતો, જશે વણુશી મા...
નમતીના કહું કોને, બળું હું બળાપે
ધાઓ ધાઓ વાઘેશ્વરી, દાસ આ પોકારે
ગપુ કહે ભાગો ભીડો, આવી મારી વ્હારે

શ્રી મહીષાસુર મર્દનનો ગરબો

(રાગ અરજુન અંબાને)

આદ્ય શક્તિને શીષ નમાવી, વળતી પુંજુ પાયરે
રસનાએ મા રસ મુકો તો, સેવક ગુણ તુજ ગાય—પુજુ અંબાને—ટેક
બળીયા છે બે બાંધવ દૈત્યો, રંભ કરંભ છે નામરે
સંતતી નહિ પણ છે તે છકેલા, વળે નહિ વિસરામ પુંજુ અંબાને ૧
વનમાં વ્હાલ ધરીને આવ્યા, આદરીયું છે તપરે,
રંભે અગ્નિ દેવ આરાધ્યા, કરવા બેઠા જપ. પુંજુ અંબાને

વિશાળ વડના વૃક્ષજ નીચે, તપથી તન તપાવેરે
જળમાં કરંભે કાયા રાખી, તપથી દેવ સતાવે પુજુ અંબાને
સુરપતિએ તપ જોયું ભારી, ભારે ભયમાં પેઠારે,
ચિંતાથી ચીત્ત ચરચર થાતુ, સ્વર્ગથી આવ્યો હેઠા. પુજુ અંબાને
દૈત્યો દીઠા બળમાં બળીઆ, લેશે ઇંદ્રાસનરે
ઝુંડનું રૂપ ધરી ત્યાં આવ્યો, મારવા દૈત્યના તન પુજુ અંબાને
પાયથી પકડી માર્યો દૈત્યને, દયા દિલે ના ધારીરે
ભ્રાતના મૃત્યુની વાતજ જાણી, કરી રંભે રીસ ભારી પુજુ અંબાને
મસ્તક કાપી આપુ આહુતી, અગ્નિ દેવને આજરે,
હજી પ્રસન્ન નવ થયા દેવના, આણી ઉરમાં દાઝ પુજુ અંબાને
શીશને છેદતાં અગ્નિ દેવે, આવીને અચકાવ્યોરે,
માગ્ય માગ્ય એમ મુખે બોલ્યા, વર દેવા હું આવ્યો પુજુ અંબાને
રૂદીઆમાં રાજી થઇ બોલ્યો, પુત્ર પરાક્રમી આપોરે
એટલી ઇચ્છા છે પ્રભુ મારી, કષ્ટ દાસનું કાપો પુજુ અંબાને
વરદાન આપ્યું અગ્નિ દેવે, પુત્રની પીડા જાશેરે
જે નારીપર ઇચ્છા કરે તું, તેને પુત્ર થાશે પુજુ અંબાને
પુત્ર હર્ષમાં હીંચતો દાનવ, યક્ષ પુરીમાં આવ્યોરે
અબળાથી મન અળગું કીધું મહીષી પર લોભાવ્યો પુજુ અંબાને
કામનાવાળી મહીષી સાથે, રતિ સુખને લીધુંરે
મહીષી પેટે ગર્ભ રહ્યો છે, વરદાન સાચું કીધું પુજુ અંબાને
મહીષીને સગર્ભા જાણી, પાતાળે લઇ આવ્યોરે
રક્ષણ ભેંસનું ભારે કરતો, પુત્રનો લેવા લહાવો પુજુ અંબાને
એક દીન બનાવ બનીઓ એવો, મહીષીને કનડે પાડોરે
રક્ષણ કરવા દોટે દોડ્યો, દંડથી એને તાડ્યો પુજુ અંબાને

વિષય વાસના વાળે પાડે, સીંગ છાતીમાં ઘોચ્યુંરે
દાનવ પોતે ધરણી ઢળીઓ, મૃત્યુ આવી પહોંચ્યુ પુજુ અંબાને
મહીષી મહીષના ભયથી ભાગી, આવી યક્ષો પાસેરે
મહીષ મસ્તાનો મોહનો ભરીયો, મહીષી પુંઠે નાસે પુજુ અંબાને
રક્ષણ મહીષીનું યક્ષોએ કીધું, મહીષને યુદ્ધ આપ્યુંરે
મહા દારૂણ ત્યાં યુદ્ધ કરીને, મહીષનું મસ્તક કાપ્યું પુજુ અંબાને
પછી રંભના સબને લાવી, અગ્નિ સંસ્કાર કીધોરે
પતિ પોતાનો બળતો દેખી, મહીષીએ મારગ લીધો પુજુ અંબાને
ચિત્તમાં ચિંતા જેને ઝાઝી, પડી ચીતાની માંયરે
મદ ભર્યો મહીષાસુર પ્રગટ્યો, વધુ વાત વધી ત્યાંય પુજુ અંબાને
બીજા રૂપે તે પેદા થયો ત્યાં, રંભનો રક્તબીજરે
મહીષાસુર બેઠો છે ગાદીએ, મહુરત સારૂં ત્રીજ પુજુ અંબાને
વિચાર વિરે વસમો કીધો, પૃથ્વીનું લીધું રાજરે
પૃથ્વી કેરો રાજા બનીઓ, પછી કેવું કીધું કાજ પુજુ અંબાને
ત્રીલોક કેરો રાજા બનવા, મેરૂ પર્વત આવ્યોરે
કાયાએ બહુ કષ્ટી વેઠી, દશ શહસ્ત્ર વરસે ફાવ્યો પુજુ અંબાને
તપ તપ્યાથી પ્રસન્ન થઇને, બ્રહ્માએ દરશન દીધુંરે
માગ્ય માગ્ય કહી મુખે વદીયા, કારજ તારૂં સીધું પુજુ અંબાને
મહીષાસુર મન મગ્ન થયો છે, બોલ્યો ઉલટ આણીરે
દેવ દાનવ ને મનુષ્ય જાતી, મારે નહિ કોઇ પ્રાણી પુજુ અંબાને
મોત મારૂં નવ થાય કદાપી, વરદાન એવું આપોરે
ચતુર મુખી બ્રહ્મા ત્યાં બોલ્યા, તારો બોલ મેં સ્થાપો પુજુ અંબાને
વર આપીને બ્રંહ્મા પોતે, બ્રહ્મપુરીમાં સીધાવ્યારે
મહીષાસુર નીજ સ્થાનકે આવ્યો, મન મનસુબા ભાવ્યા પુજુ અંબાને

મહીષાસુરે ઇંદ્રની પાસે, દાનવ દુતને ઠેલ્યોરે
સ્વર્ગની વિષે દુતે આવી, વાતનો મમરો મેલ્યો   પુજ્જુ અંબાને
સ્વર્ગ છોડી ગમે ત્યાં જાઓ, નહિતો આપો યુદ્ધરે
જો મહીપાસુર સરણે આવો, તો નહિ માગે જુધ્ધ   પુજ્જુ અંબાને
ઇંદ્રરાયને વરધી આપી, મહીપાસુરને મળીઓરે
એ વાત એટલેથી રહીને, ઇંદ્ર ઘણો કળ કળીયો   પુજ્જુ અંબાને
ભય ભરાયો મહીપાસુરની, દુત પ્રેરી તેડયા દેવરે
યમ વાયુ કુબેર વરૂણત્યાં, આવ્યા છે તતખેવ   પુજ્જુ અંબાને
વ્રતાંત સરવે કહ્યો છે ઇંદ્રે, દુસ્મન જીતવા આશરે
દુત મોકલી દુસ્મન કેરા, સૈન્યનો કીરો તપાસ   પુજ્જુ અંબાને
દેવની આજ્ઞા શીર ચડાવી, બોલાવ્યો દુત એકરે
પૃથ્વી ઉપર પ્રીતે વધાર્યો, રાખી મનમાં ટેક   પુજ્જુ અંબાને
મહીષાસુરના સૈન્ય બળની, જોવા ચેષ્ટા કેીરે
ખંત રાખી ખાંતેથી જોતો, આજ્ઞા ઇંદ્રની જોઇ   પુજ્જુ અંબાને
ભય ના રાખ્યો ભૂપતિ કેરો, દાનવ દળને જોયુંરે
સૈન્ય બળની કરી પરિક્ષા, સુરપતિને સૌ પ્રોયું   પુજ્જુ અંબાને
ઇંદ્ર સુણીને વિસ્મય પામ્યો, ચિત્ત ચીંતામાં ઝાજુરે
ગુરૂ બ્રહસ્પતિને તેડાવ્યા, બોલ્યો ઇંદ્ર રાજુ   પુજ્જુ અંબાને
દુશ્મન દળનું બળ છે ઝાજુ, દાનવ દીસે માતારે,
દૈત્યના ગુરૂ શુક્રાચાર્ય છે, સુરના તમો સુખ શાતા   પુજ્જુ અંબાને
માયાવી મહીપાસુર આવે, યુદ્ધ કરે રાજ લેવારે,
હામ ને હિંમત હારી બેઠો, શું કરૂં હવે દેવા   પુજ્જુ અંબાને
રાયની પ્રત્યે ગુરૂ બોલ્યા, બ્રહ્મા પાસે સૌ ચાલોરે
બ્રહ્મા પાસે સૌ આવી બોલ્યા, અમને મદદ આલો   પુજ્જુ અંબાને

મસ્તાનો મહીષાસુર દાનવ, દળ લઇ યુધ્યે આવેરે
કૈલાસ ચાલો મહાદેવ પાસે, વિચાર કરવો ફાવે પુજુ અંબાને
સરવ મળી આવ્યા શીવ પાસે, વદયા વીતકની વાતરે
ઉમાપતિ કહે સમરથ વિષ્ણું, સુખ આપે તે અધાથ પુજુ અંબાને
શીવજી સાથે વિષ્ણુંને મળીયા, ઇંદ્રે સ્તુતિ કીધીરે
તમે દયાળુ તમો મયાળું, કૃપા કરો કૃપાનીધી પુજુ અંબાને
મદભર્યો મહીષાસુર આવે, મસ્તાનો મહા બળીયોરે
ડર નહિ દેવ દાનવ કેરો, કોઇથી જાય ન કળીયો પુજુ અંબાને
ઉગ્ર તપ તપીને તેણે, વરદાન મેળવ્યું ભારીરે
દાનવ દળ લઇ લડવા આવે, હૈયે હીંમત સારી પુજુ અંબાને
લડવા વડવા હિંમત હાર્યો, દુખડાં મારાં હરશોરે
દાનવ ભૂંડાનો ભય ભારી, રક્ષા મારી કરશો પુજુ અંબાને
ઇંદ્રને અસવાશન બહુ આપી, વીષ્ણું વદયા વિચારીરે
દેવો દાનવ સામે લડજો, હીંમત હૈયે ધારી પુજુ અંબાને

સાખી.

વિષ્ણું મુખથી ઉચર્યા, શાને દિલગીર થાવરે
સઘળા દેવો સજ થઇ અસુર સામે લડવા જાવરે
લડજો વડજો શુરથી, દાનવ શું છે કરનારરે
અમો પક્ષ કરશું પછી. લડશું જો ખાશો હારરે

(રાગ પાવા તે ગઢથી ઉતર્યા.)

આવ્યા દાનવ સામા દેવ, હીંમત ધારીરે
શોભે હંસ ઉપર બ્રહ્મદેવ, હથિયાર ઝાલીરે
દીપે વિષ્ણુ ગરૂડપર આપ હીંમત
ચડયા નંદીપર ઉમાના નાથ હથિયાર
થયો તૈયાર સુરપતિ જ્યાંય હીંમત
દીધા દેવોએ ડંકા ત્યાંય હથિયાર
ત્રણુ ગણુપતિ ને વાયુ દેવ હીંમત
શશી સોમ ને કુબેર તતખેવ હથિયાર
લીધો કાર્તીક સ્વામીએ મોર હીંમત
યમ અગ્નિએ કીધો છે શોર હથિયાર
થયો તૈયાર શુરનો સમાજ હીંમત
કરી કીલકારી સૌની સાથ હથીયાર
ચાલ્યા દાનવ સામા દેવ હીંમત
લડવું મરવું તતખેવ હથિઆર
દૈત્યોએ દેખ્યું દળ હીંમત
ચડયું શુરને જાગ્યું બળ હથિયાર
દૈત્ય દેવો ભેટયા ત્યાંય હીંમત
રણુતુર રહ્યાં ગાજી જ્યાંય હથિયાર
એક મેકમાં ઝાઝે તોર હીંમત
યુદ્ધ જામ્યું ઝાકમ જોર હથિયાર
મેઘ ગરજે ગગનમાં જેમ હીંમત
શુરા ગરજે રણુમાં તેમ હથિયાર

ત્યાં તો ધરતી ધ્રુજારા ખાય — હીંમત
સામા સામી કરતા ઘાય — હથિયાર
ગેડી ગદાને ફરશી બાણ — હીંમત
તીર તીરકશ લે છે પ્રાણ — હથિયાર
ખડગ ખંજર ખપવા હાથ — હિંમત
રહી ઝળકી તીખી તલવાર — હથિયાર
બંદુકના થાતા બહાર — હિંમત
પડે ગોફણથી ગોળા અપાર — હથિયાર
સામાસામી મારવા લાગ્યા — હિંમત ધારીરે
ભય લાગ્યોને યુદ્ધથી ભાગ્યા — હથિઆર ઝાલીરે
સેનાપતિ ચિક્ષુર વીર — હિંમત ધારીરે
ધસ્યો ઇંદ્ર ઉપર રણધીર — હથિયાર ઝાલીરે
પંચ બાણ મુકયાં તે વાર — હિંમત ધારીરે
થયો સામો ઇંદ્ર તે ઠાર — હથિયાર
બાણ તણા ત્યાં કટકા કીધા — હિંમત ધારીરે
સુરપતીએ સપાટા દીધા — હથિયાર
વાગ્યુ બાણ ને ધરણી ઢળીયો — હિંમત ધારીરે
પળ એકમાં પ્રાણ પળીઓ — હથિયાર
રણમાં રોળાયો રણધીર — હિંમત
આવ્યો બીડાળ લડવા વીર — હથિયાર
રણભૂમિમાં ધુધવાટ કીધો — હિંમત
જાણે મેઘે ડંકો દીધો — હથિયાર
ઇંદ્રસુત આવ્યો સૈન્ય સાથ — હિંમત
લડવા લઇ બાણ નીજ હાથ — હથિયાર

રણ જંગમાં યોદ્ધા ઝાઝા હિંમત
સુરપતિ સુત લડે મુકી માઝા હથિયાર
પાડયો બિલાડને રણમાંય હિંમત ધારીરે
વાગ્યાં દેવનાં દુંદભી ત્યાંય હથિયાર
તામ્ર દૈત્ય ગરવનો ભરીયો હિંમત ધારીરે
તેણે યુદ્ધમાં પાય ધરીયો હથિયાર ઝાલીરે
કીધી ગરજના ગરવે ગાજી હિંમત ધારીરે
દીધી બાણની વૃષ્ટી ઝાઝી હથિયાર ઝાલીરે
સૌ દેવોએ મારો ચલાવ્યો હિંમત ધારીરે
પછી મોતને મોંઢે ચડાવ્યો હથિયાર ઝાલીરે
તામ્ર મુવાની જાણી વાત હિંમત ધારીરે
ચડી રીશ રાયને અઘાથ હથિયાર
આવ્યો રણ ભૂમિ ભુપાલ હિંમત ધારીરે
જેનું રૂપ છે મહા વીકરાળ હથિયાર
ઇંદ્ર ઉપર ઝાઝી રીસ હિંમત ધારીરે
ગાદી મારીને પાડી ચીસ હથિયાર
બન્ને યોદ્ધાએ યુદ્ધ જગાડયું હિંમત
એતો સૌના મનમાં ભાવ્યું હથિયાર
દાનવપતિથી સૌ થાકયા હિંમત
લાગ જોઇને ભાગવા લાગ્યા હથિયાર
લડયા દેવ દાનવ સો વર્ષ હિંમત
વધ્યો અસુરને બહુ હર્ષ હથિયાર
દૈત્યે દેવોને જીતી લીધા હિંમત
સ્વર્ગે આવી ડંકા દીધા હથિયાર

થયો સ્વર્ગનો રાય અસુર હિંમત ધારીરે
દેવનાં ઉડી ગયાં નુર હથિયાર
સંતાયાં દેવનાં સુખ હિંમત
ગીરી ગુફામાં વેઠે દુઃખ હથિયાર
રાજ્ય ચલાવે છે ચતુર હિંમત
સ્વર્ગ સુખ ભોગવે છે અસુર હથિયાર
દેવોને છે દુઃખ અપાર હિંમત
હક હોદ્દો નહિ તલભાર હથિયાર
દુઃખ દારૂણ દેવોને શીર હિંમત
પ્રભુ હવે ન રહેતી ધીર હથિયાર
દેવ બ્રહ્મા પાસે આવ્યા હિંમત ધારીરે
કરગરીને કહેવા લાગ્યા હથિયાર
બોલ્યા બ્રહ્મા મુખથી એતું હિંમત ધારીરે
શીવ પાસે જઇને કહેવું હથિયાર
આવ્યા શીવજીને દરબાર હિંમત ધારીરે
દીધો શીવે ત્યાં આવકાર હથિયાર
ઇંદ્ર ગગળો થઇ વદે વાત હિંમતધારીરે
કાયા કષ્ટી પડે દીન રાત હથિયાર
સ્વર્ગ અસુર બીરાજે હિંમત
દોવટ દુઃખ હમને આપે હથિયાર
દયા સિંધુ દયા કરો દેવ હિંમત
ભય ભારી હરો તતખેવ હથિયાર
શીવ સુણી બોલ્યા વાણ હિંમત ધારીરે
છે મુજને સઘળી જાણ હથિયાર

ચાલો વિષ્ણું પાસે જઇએ હિંમત
સૌ વીતક વારતા કહીએ હથિયાર
બ્રહ્મા શીવને ઇંદ્ર રાય હિંમત
આવ્યા વિષ્ણુંની માગવા સ્હાય હથિયાર
ઇંદ્ર વિષ્ણુને લાગ્યા પાય હિંમત
પ્રભુ હવે કરોને ક્ષમાય હથિયાર
હાવે કરવો શું ઉપાય હિંમત
મધુ સુદન કરશો સ્હાય હથિયાર
દીશે માધવ તમારૂં નામ હીંમત
તમો કૃષ્ણ શ્રી સુંદીર સ્યામ હથિઆર
મચ્છ કચ્છ વરાહ ધર્યું રૂપ હીંમત
ચૌદ લોકના છો પ્રભુ ભુપ હથિઆર
નરસીંહ નરહરિ થયા આપ હીંમત
ફરશુરામ રૂપે જગ તાત હથિયાર
ભૂમિ ભાર ઉતાર્યો નાથ હીંમત
ભકતોનાં કરવા કાજ હથિયાર
ગીરી ગુફામાં રવડીએ હીંમત ધારીરે.
અસુર તાણે ૫કડીએ હથિયાર જાલીરે.
પરબ્રહ્મ શક્તિ સંભાળો હીંમત ધારીરે.
નથી એ વિના કાંઇ આરો હથિયાર જાલીરે.
શુભ લાગ્યો વિચાર હીંમત ધારીરે.
શક્તિ ભજવામાં સાર હથિયાર.
ધરવા બેઠા સૌ ધ્યાન હીંમત.
વિષ્ણુંએ આપ્યું જ્ઞાન હથિયાર.

ભક્ત આધિન છે જગમાત હીંમત.
થયાં પ્રસન્ન શ્રી મા શાક્ષાત હથિયાર.

સાખી.

જગત જનુની જાગતે, ભક્તોને નહિ દુઃખ
પ્રગટયાં કષ્ટને કાપવા, કરવા દેવને સુખ

રાગ–માતુ શનખલપુરની રાણી કે બાળી બોચરા.

દીઠાં સ્ત્રી રૂપે માત કે, ત્રીગુણે વાધીયાંરે લોલ
કર શોભી રહ્યા અરાઢકે, મોહ પામી દુનિયારે લોલ
માનુ શ્વેત દીસે છે મુખ કે, ચંદ્ર ઝાંખો થયોરે લોલ
કાજળથી કાળાં છે નેન કે, દેવોનો ભય ગયોરે લોલ
રાતા કંકુ વરણા હોઠકે, આભુષણ અંગે ધર્યારે લોલ
મહીષાસુરને મારવા કાજકે, માજી શોભે ભલાંરે લોલ
દેવો રાજી થયા દિલ માંહીકે, દુઃખનું મુળ ગયુંરે લોલ
ભય હરો ભગવતીમા ભાવેકે, કષ્ટ બહુ અમે સહયુંરે લોલ
તમો જગત જનુની માતકે, શાંન્તી પુષ્ટી નામ ધર્યાંરે લોલ
તમથી સૃષ્ટી થઇ ઉત્પન્નકે, ભક્તોનાં કામ કર્યાંરે લોલ
રૂદ્રાણી ઇંદ્રાણી બ્રંહ્માણીકે, લક્ષ્મી તમ થકી થયાંરે લોલ
શુદ્ધી બુદ્ધીને કાળ રાત્રીકે, વૈષ્ણવી રૂપે વહ્યાંરે લોલ.
પરાશક્તિ રૂપે તમે પરર્યાકે, પૃથ્વી ઝીલી તમેરે લોલ
સ્વધા શારદા સ્વાહા આપકે, વર્ણવીએ શુંરે અમેરે લોલ
દયાળી દયા કરો દાતારકે ભાવે ભજીએ અમેરે લોલ
હતા અણ જાણ્યા આજ સુધીકે, તેથી દુઃખ દેવો ખમેરે લોલ

માજી દૈત્યો દે છે દુઃખકે, દોવટ તે ધુમે ઘણારે લોલ
દેવો રડવડે છે વનમાંયકે, દુઃખમાં ના રહી મણારે લોલ
હવે વિશ્વેશ્વરી કરો સ્હાયકે, સંકટ બહુ સહ્યાંરે લોલ
ભારી ભયમાં ભરાયા છે સુરકે, નૂર સૌ ઉડી ગયાંરે લોલ
દેશો દૈત્યને માજી દંડકે, કારમો ક્રોધ કરીરે લોલ
મહા પાપી છે મહીપાસુરકે, અહંકાર રહ્યો ધરીરે લોલ
ચલાવે ચક્રએ ત્રીલોકનું રાજકે, મદે ભર્યો મહાલતોરે લોલ
દેવને ગણે ન લેખાંમાંહ્યકે, અન્યાયે ચાલતોરે લોલ

સાખી.

દુઃખ દેવનું સાંભળી, માને વ્યાપી છે રીશ
અસુરને હણવા તહી, ક્રોધે થયાં તે દીશ

રાગ પાવાતે ગઢથી ઉતર્યા.

માએ સીંહની કીધી સ્વારી હીંમત ધારીરે
અંગે આયુદ્ધ દીધાં ધારી હથિયાર ઝાલીરે
સિંહ વાહની ચાલ્યાં માત હીંમત ધારીરે
રણ વિષે આવ્યાં શાક્ષાત હથિયાર ઝાલીરે
માએ કીધો ત્યાં શંખનો નાદ હીંમત ધારીરે
આવ્યો અસુર કાંને સાદ હથિયાર
પડ્યો દૈત્યોના મનમાં ત્રાસ હીંમત
થયાં અપ શુકન ત્યાં ખાસ હથિયાર
થયા અસુર વતબર જાણ હીંમત
ગ્રહી કરમાં ધનુષ્ય ને બાણ હથિયાર

ઝાઝી સંગ્રામ કરવા આસ	હીંમત
આવ્યા દાનવો માની પાસ	હથિયાર
ગરગડે અસુર ત્રંબાળું	હીંમત
માએ હાસ્ય કરીને ભાળ્યું	હથિયાર
રણસીંગને રણતુર વાગે	હીંમત
સુણી શબ્દને શુરાઓ જાગે	હથિયાર
ચડયો મહીષાસુર રણમાંય	હીંમત
એતો ત્રીલોક કેરો રાય	હથિયાર
જેમ સાગર ચડ્યું પુર	હીંમત
એમ યોદ્ધા ચડયા અસુર	હથિયાર
ભીડી લડવા બારે બાથ	હીંમત
ચંડીકાએ ચડાવ્યું ચાપ	હથિયાર
કરે બાણવૃષ્ટી ત્યાં અપાર	હીંમત
માએ આપ્યો પ્રસાદીમાં માર	હથિયાર
વરશે હથિઆરોનો વરસાદ	હીંમત
માએ ઉતાર્યો છે નાદ	હથિયાર
ધડ ચરણ વિનાનાં શીશ	હીંમત
પાડે દાનવ રણમાં ચીશ	હથિયાર
ગદા તીખ્ખ વરસે બાણ	હીંમત
દાનવનો વાળ્યો ઘાણ	હથિયાર
સીંહ ગરજના કરે અપાર	હીંમત
પડે દાનવ દલમાં ફાળ	હથિયાર
શંખ શબ્દે ગાજે બ્રાંહ્માડ	હીંમત
ખળભળીયા અસુર તમામ	હથિયાર

મહા પ્રોઢ પર્વત પડે તૂટી હીંમત
અસુરની દોરી ખૂટી હથિયાર
બળથી લડવા આવે અસુર હીંમત
માજી રણમાં ફકાવે ધુળ હથિયાર
માના ત્રિશુળે નીરધાર હીંમત
ઘણા અસુરનો આણ્યો કાળ હથિયાર
ચાલી સોણીતની સરીતાય. હીંમત ધારીરે
માંહે અસુર તણાતા જાય હથિયાર
મરે અસુરકે બીજા ધાય હીંમત ધારીરે
અદ્ધર ઉરાડે તેઓને માય હથિયાર
રણ ચઢયો અસુર પ્રધાન હીંમત
ગરગડે ત્રંબાળું નિશાન હથિયાર
તેણે માયા રચી ત્યાં અપાર હીંમત
થયો રણમાં ત્યાં અંધકાર હથિયાર
કરે બાણવૃષ્ટી મેઘ ધાર હીંમત.
માજી ઉપર આણી બહુ ખાર હથિયાર

સાખી

જોર અસુર ત્યાં બહુ કરે, દેવ જુએ નભમાંય
દેવી દાનવ બહુ લડે, જોયું કોથી ન જાય

રાગ (બહુચર ભલે આવીયાં)

દેવસઘળા આકાશે રહી જુએ, કરી રહ્યા છે હાહાકાર, કાળીક્રોધે આવીયાં
કાળીરૂપ ધર્યું જગ માડીએ, નવધરે મા મનમાં એસાર કાળીક્રોધે આવીયાં
નેત્ર દીશે બીહામણાં દૈતનાં, મુખ જોતાં દીશે વિકરાળ કાળીક્રોધે
માજી ચારે બાજુ ફુંક મારતાં, જાણે પાળક કેરી જાળ કાળીક્રોધે
અસ્ત્ર સહસ્ત્ર ચાલ્યાં મારી માતનાં, થાયે રણમાં ઘણો ઘુમાટ કાળીક્રોધે
માએ દશે દીશાએ મંત્ર મુકીયા, આવે અસુર ટોળાં અમાપ કાળીક્રોધે
અંધકારમાં અસુર અફળાય છે, માંહેમાંયે કરે ઘણા ઘાય કાળીક્રોધે
બળવંતા તે બળ હીણ થઇ ગયા, વાગે ઘાય ને પાડે ચીશ કાળીક્રોધે
સામાસામી તેઓ અથડાય છે, વળી ઉડે છે ધડવીના શીષ કાળીક્રોધે
ક્રોધ કરમો કીધો મહાકાળીએ, પાડયા અસુર રણની માંહી કાળીક્રોધે
હજી દાનવ દળ નથી ખુટતું, માજી વિચારે મનમાં તાંહી કાળીક્રોધે
માએ અગ્નાસ્ત્ર બાણને મુકીયાં, અંધકારનો કીધો નાશ કાળીક્રોધે
જોયાં ટોળેટોળાં અસુર અંગનાં, વધ્યો ક્રોધ અતી કર્યો કયાશ કાળીક્રોધે
માયા શકિત અસુરની હણીતહી, થયો નિર્બળ દાનવ સાથ કાળીક્રોધે
અગ્નાસ્ત્રથી અગ્ની ઝરે જંગમાં, બાળ્યાં દૈત્યનાં અંગ કાળીક્રોધે
કાળચક્ર મુકયું પછી કાળીએ, કરવા અસુર સૌની ઘાત કાળી.
કાળ ચક્રે કાળ આણ્યો કારમો, જુએ જગદંબજનની આપ કાળી
માયા શકિત વિનાના દાનવો, મરે રણમાં મુકે નીજ પ્રાણ કાળી
મૈસાસુરનું સૈન્ય ત્યા નાશીયું, નાઠો રણ મુકી વળતી પ્રધાન કાળી
રાય પાસે આવ્યા અતિ ધ્રુજતો, રકત માંહે નાહેલો જોઇ કાળી
બોલ્યા ભુપત્તિ ભય અતિ આણીને, કહો સચીવ રણ સમાચાર કાળી
કહે ધ્રુજતો મંત્રી તે સાંભળો, સૌ સૈન્યનો આવ્યો કાળ કાળી

કોઇ મુજ વીણુ ના રહ્યું જીવતું, સુણી ભુપને પડીદિલ ફાળ કાળી
બંને મંત્રીને પાછા મોકલ્યા, થોડું આપીને સૈન્ય તે સંગ કાળી
જુઓ સ્ત્રીનું બળ છે કેટલું, જીતી આવોગે આ રણુ જંગ કાળી
પકડી લાવજો નારીને નેહથી, મારી પાસે તમો નીરધાર કાળી
કરજો વખાણુ ત્યાં જઇ માહરાં, નવ માનેતો આણજો કાળ કાળી
દુષ્ટ હુકમે દાનવો ચાલીઆ, આવી કીધો સીંહ ઉપર ઘાય કાળી
ખડ્ગ મારતાં કટકા બે થયા, વાગતાં સીંહના અંગે ત્યાંય કાળી
વ્યથા વાગ્યાથી કેશરી પામીયો, ભારે ચીસ નાખી છે મુખ કાળી
ચીસ પાડતાં સુર સૌ કંપીઆ, સૌ શેષ પામ્યા છે ઝાજુ દુઃખ કાળી
સીંહે થાપ મારી ક્રોધે ઉછળી, દુષ્ટને અંગે તેણી વાર કાળી
માયે ક્રોધ કરી શીર છેદીયું, ખડગવતી ત્યાં નીરધાર કાળી
માયે પ્રધાન બેઉને મારીયા, પાડ્યા પ્રથ્વીમાં તેણીવાર કાળી
દૈત્ય દળમાં ભંગાણુ થયું તે વેળા, નાઠા અસુર પાછા આપ કાળી
ક્રોધાવેશમાં જુએ છે વાટડી, ક્યારે આવે અસુરનો નાથ કાળી
જાણ્યું રણમાં પ્રધાન પડ્યા બેઉ, ચડ્યો યુદ્ધે ત્યાં મહીષાસુર કાળી
આવ્યો હાઠ કરી અતિ હેઠ ત્યાં, ગરજ્યો આવીને રણમાં ક્રુર કાળી
જોર તોર બળ બહુ બતાવતો, બોલ્યો માજી પ્રત્યે ત્યાં વચન કાળી
આજે નારી તે જુલ્મ કીધો ઘણો, કરૂં પલકમાં તુને પતન કાળી
પછી મેસાસુપાપી કોપીઓ, ક્રોધ કરીને માયા કીધી અંગ કાળી
મહીષ રૂપ ધરી ધસ્યો મારવા, જેના મનમાં છે યુદ્ધનો રંગ કાળી
પરવત સરખી ત્યાં કાયા દેખાડતો, તીવ્ર સીંગ છે અને શીષ કાળી
પગ પ્રહારે ધરતીને ધ્રુજાવતો, જેના અંગે છે ઝાજી રીશ કાળી
દીઠી સ્વારી સીંહ ઉપર માતની, ધાયો તતક્ષણ દુષ્ટ તે હાર કાળી
માએ હંકાર્યો હોંકારે સીંહને, સીંહ કુદ્યોને ભરી છે ફાળ કાળી

મહીષ રૂપે મહીષાસુર મારીયો, તવ કુંજરનું ધર્યું રૂપ કાળી
મેઘપેરે ગરવી બહુ ગાજતો, રણમાંહી તે દાનવ ભૂપ કાળી
હસ્તી સૂંઢથી સીંહને પછાડ્યો, ચાંપ્યો અસુરે ભૂમિ સાથ કાળી
તતક્ષણ કુંજરનું શીર કાપીયું, ખડગ મેલીને માએ ત્યાં આપ કાળી
કુંજર કાયા પડતાં મેસાસુર થયો, પ્રગટ્યુંછે પછી આપ સ્વરૂપ કાળી
માજી સાથે સગ્રામ કરે રણમાં, દીસે વસમો દાનવ ભૂપ કાળી
બળ બહાદુરી બહુ બતાવતો, બાણ તણી વૃષ્ટી બહુ થાય કાળી
આદ્ય શકિત લડે અતિ જોરથી, પણ દૈત્ય ન માર્યો જાય કાળી
દૈત માર સબળ માને મારતો, જોયું દેવોથી તે ન જોવાય કાળી
દેવો શકિત પ્રત્યે તવ ઉચર્યાં, આમ દુષ્ટ ન પ્રાજે થાય કાળી
સુણી ક્રોધમાં અંબા બોલીયાં, અલ્યા સાંભળ દાનવ ભૂપ કાળી
થાઉં ભ્રષ્ટ મતિની હું જાહેર, કરવું પડશે મારે મદીરા પાન કાળી
ત્હારા જેવી મતિ થાશે માહરી, ત્યારે જોજે તું હાલ હેવાન કાળી
સુણી વાકયને દાનવ બોલીયો, મારૂં માર્યું છે સન્ય અપાર કાળી
તારૂં મોત આવ્યું તે તુ જાણજે, હમણાં આણીશ તારો કાળ કાળી
માએ પીધો પ્યાલો મધુ પાનનો, થઇ આસુરી બુદ્ધી તતખેવ કાળી
પછી ખપ્પર લીધું હાથમાં, બીજા હાથમાં ખડગ છે એવ કાળી
આવ્યાં અસુર સન્મુખ જાણરે, ગદા ગૃહી અસુરે હાથ કાળી.
ગદાયુદ્ધ ક્યાં ચાલીયું, થાકયો અસુર જ્યાં માત—કાળી ક્રોધે આવીયાં
મુકી ગદાઓ વળતી વેગળી, જામ્યું તલવારો કેરૂં જોર કાળી ક્રોધે.
ધણો ધવાયો દાનવ દેહથી, મુકયો ગર્વ ને ઉતર્યો તોર કાળી
સાંગ ત્રીશુળ ભાલા ને ફરશી, લડે નવ નવા યુદ્ધના રંગ કાળી
એમ સહસ્ત્ર વરસ વહી ત્યાં ગયાં, નવ યુદ્ધનો આવ્યો અંત કાળી

લીધાં બાણુ ને બળ બહુ વાપરે, સામાસામી મારે ત્યાં અપાર કાળી
મધમાખીની પેરે ભમે ઘણાં, કોઇ પામે નહિ તેનો પાર કાળી
વરૂણાસ્ત્ર મુક્યું મહા પાપીએ, જળવૃષ્ટી ત્યાં થાય અમાપ કાળી
માએ પવનાસ્ત્ર બાણુને છોડીયું, ભાગ્યું જળનું બળ તેની સાથ કાળી
માર્યું નાગપાસ અસુરે તે ઘડી, નાગ પ્રગટ્યા છે ત્યાં વીકરાળ કાળી
ગરૂડાસ્ત્ર મુક્યું માએ તે જોઇને, ગરૂડ સર્પનો આણે કાળ કાળી
દૈતે પર્વતાસ્ત્ર બાણુ લગાવીયું, રણુમાં પર્વત પડે છે જ્યાંય કાળી
માએ વજ્રાસ્ત્ર મુકીને માનથી, કર્યા પર્વતના ચુરા ત્યાંય કાળી
ત્યારે અગ્ન્યાસ્ત્ર છોડ્યું પાપીએ, રણુમાંયે ઉઠી છે જ્વાળ કાળી
તવ કોપ કર્યો મહા કાળીએ, વૃષ્ટી જળની કીધી તત્કાળ કાળી
જોઇ અસુરને ક્રોધ વાપીયો, અર્ધ ચંદ્રકાર મેલ્યું બાણુ કાળી
ત્યારે મોહાસ્ત્ર માએ વાપર્યું, મેસાસુરનો લેવા પ્રાણુ કાળી
એવે હાક મારી દૈતે મારીયું, દૈત્યને માયા આવી તે વાર કાળી

સાખી.

યુદ્ધ જમાવ્યું જોરમાં, પણુ મરે ન મહીષાસુર
કાળ સ્વરૂપ કાળી થયાં, ભય દાનવને ભરપુર

" બોલો શ્રી અંબે માતકીજે "

(રાગ બુગજેવા જશ ગાઉજી મહા કાળીરે.)

પછી મહીષાસુરે કર્યો કોપ પાવાવાળીરે
ખડ્ગ ચર્મ ધરીને ધાય ક્રોધે કાળીરે
તવ માજીએ ધરીયું ચક્ર પાવાવાળીરે
રીસ વ્યાપી છે મનમાંય ક્રોધે કાળીરે

અતિ શસ્ત્ર વાપરે માત પાવાવાળીરે
પણ દૈત્ય ન પ્રાજે થાય ક્રોધે કાળીરે
દુષ્ટ મારૂં હું તુજને આજ પાવાવાળીરે
નહિ તુંથી જો મુને જીતાય ક્રોધે કાળીરે
રીશે રક્ત થયાં લોચન પાવાવાળીરે
જાણે પાવક કેરી જ્વાળ ક્રોધે કાળીરે
માની ભ્રગુટી ભમર સમાન પાવાવાળીરે
મુખ દીસે માનું વીકરાળ ક્રોધે કાળીરે
અંગે ઉભા થઇ રોમાવળી પાવાવાળીરે
તીવ્ર જાણે તેની ધાર ક્રોધે કાળીરે
ભય પામ્યો દેખી દુષ્ટ પાવાવાળીરે
ગઇ હીંમત ને હોંશીયાર ક્રોધે કાળીરે
પછી માયે કીધો ઘંટ નાદ પાવાવાળીરે
વાગે ડાક ડમરૂં ત્યાં અપાર ક્રોધે કાળીરે
માના શંખનો થાયે ઘોળ પાવાવાળીરે
ગરજે સીંહ રણની મોઝાર ક્રોધે કાળીરે
માના ગરગડીયાં નિશાન પાવાવાળીરે
વાગે ભેરી ભુંગળ કરી સોર ક્રોધે કાળીરે
નભ મંડળમાં જુએ દેવ પાવાવાળીરે
થાય ઝાંઝને ત્યાં શોર બકોર ક્રોધે કાળીરે
પાત્ર ભરી કર્યું મધુપાન પાવાવાળીરે
મદમસ્ત થયાં છે માત ક્રોધે કાળીરે
ક્રોધ વાપીઓ સઘળે અંગ પાવા.
અતિ ક્રોધનો વરસ્યો તાપ ક્રોધે.

કાળ સ્વરૂપ માની કાય — પાવા.
મહા વિકાળ અંએ ઇશ — ક્રોધે.
નાઠો દાનવ દેખી માત — પાવા.
જાણી આજની કારમી રીશ — ક્રોધે.
સંત સંગ ગીરીમાં પેઠો — પાવા.
પુંઠે ધાયાં શ્રી જગની માત — ક્રોધે.
માએ પાપીને પકડ્યો ત્યાંય — પાવા.
છેદ્યું દુતનું શીશજ ત્યાંય — ક્રોધે.
ધડમાંથી હું રૂપ પ્રગટીયું — પાવા.
જોતાં પ્રચંડ દૈત્ય આદીશ — ક્રોધે.
તે જુદ્ધ માની સામું કરે — પાવા.
પામે હાર ન દૈત્ય તે લગાર — ક્રોધે.
ત્યારે માએ કીધો ક્રોધ — પાવા.
કરે યુદ્ધ ત્યાં પાછું અપાર — ક્રોધે.
નાઠો અસુરગીરી ફોડી જ્યાંય — પાવા.
પડ્યો પુંઠે શ્રી જગની માય — ક્રોધે.
ગ્રહ્યા જાતાં અસુરના કેશ — પાવા.
મુક્યું ખડગ કરીને રીશ — ક્રોધે.
ધર્યું ખપ્પર નીચે આપ — પાવા.
છેદ્યું અસુર કેરૂ શીશ — ક્રોધે.
માએ માર્યો મહીષાસુર — પાવા.
બોલ્યા દેવોશ્રી જય જય માત — ક્રોધે.
દુંદભી વાગ્યાં છે દેવનાં — પાવા.

કીધી પુષ્પ વૃષ્ટી ત્યાં અગાથ ક્રોધે.
આવ્યા દેવમુની માની પાસ પાવા.
લાગ્યા માના ચરણુમાં પાય ક્રોધે.
શીવ બ્રહ્માને વિષ્ણું જાણુ પાવા.
કરી પુંજાને ગુણુલા ગાય ક્રોધે.

સાખી.

કેર કરીને મારીયો, માએ મહીષાસુર
ભય ભાગ્યો સુર સર્વનો, અભય કીધું સ્વર્ગપુર

(અરજુ અંબાને એ રાગ)

મારકુંડ મુની વળતી બોલ્યા, જેમુની સુણો વાતરે
રૂષી સમાધી કે રાયજી શુણો, મહીમા માનો અગાથ પુજુ અંબાને
મદભર્યો મહીષાસુર માર્યો, ત્રીશુળ કર મહીં ધારીરે
ખપ્પર માએ ખાંતેથી ભરીયું, ભૂમિભાર ઉતારી પુજુ અંબાને
મહા વિકાળ સ્વરૂપ છે માનું, જોતાં લાગે ત્રાશરે
દેવ મુનીને ડર ભરાયો, કોઇ આવે ન માની પાસ. પુજું અંબાને
ભવ્યરૂપે ભગવતીને જોતાં, બ્રહ્મા વિષ્ણુ શીવ રાયરે
કહે ક્ષમા કરો જગત જનુની, શાન્તી ધરો જગમાય પુજુ અંબાને
સો દેવો ડરે દેખી માતને, મુજે ઉભા દુરરે
અભય કર્યા હવે કરો સર્વને, શાન્ત વચનથી જરૂર પુજુ અંબાને
તમ પરાક્રમ પુરણુ પ્રોઢું, તેજ બળ રૂપ અથાથરે
વેદ વીરંચી પાર ન પામે, શીવ શેષાનાદિક સાથ પુજુ અંબાને
સર્વ વ્યાપક સરવેશ્વરી મૈયા, વિશ્વંભરી જગ માતરે
ભુવનેશ્વરી ભય હરણુ ભક્તનાં, કર્તા હર્તા આપ પુજુ અંબાને

સંકટ સર્વે સુરનું કાપ્યું, અસુરને નાંખ્યા મારીરે
મુરખ ન માને મિથ્યા મરે તે, ખપ્પર ભરશે ભારી પુજુ અંબાને
સ્તુતિ સાંભળો અમે વીનવીએ, ક્રોધ તજો જગમાતરે
દયા કરો કહી પુજ્યાં અંબા, ચંદન અક્ષત સાથ પુજુ અંબાને
અબીલ ગુલાલને અરગજા લઇને, પુષ્પથી માને વધાવેરે
ધુપ દીપ નૈવેદ કરીને, ચરણે શીશ નમાવે પુજુ અંબાને
સ્તુતી કરે કર જોડી માની, આણી ઉરમાં વ્હાલરે
શક્રાદિક સૌ સાથે રહીને, બોલ્યા, માના બાળ પુજુ અંબાને
અસુર સંહારી સુખડાં આપ્યાં, કષ્ટને નાખ્યું કાપીરે,
અમર લોકની રક્ષા કીધી, આપે અભયપદ આપી પુજુ અંબાને
ભદ્રકાળી મા નામ તમારૂં, રૂડુ રૂપાળું ભાવ્યુંરે
મૈસાસુરનો મદ ઉતાર્યો, મૈસમર્દની બરદ બનાવ્યું પુજુ અંબાને
આધ્ય અનાદ્ય છો સકળ વિશ્વમાં, આપ છો જગની માયારે
ભૂમિ ભાર ઉતાર્યો ભારી, અમીત થયાં મંમાયા પુજુ અંબાને
એમ સ્તુતી ત્યાં માની કીધી, દૃઢ શ્રધ્ધા મન માનીરે
ચંદન કેશર પુષ્પથી પુજ્યાં, ભાવે ભદ્ર ભવાની પુજુ અંબાને
અમર નાગ ગાંધર્વો આવ્યા, નૃત્ય કરી મા રીઝાવેરે
છીછી છૂમ છીછી છૂમ નાદ થાય છે, મુખે ગુણ ત્યાં ગાવે પુજુ અંબાને
શંખનાદ દુંદભી ગરગડીયાં, ઘંટાના થાય અવાજરે
આરતી માની વળતી ઉતારી, થઇ રહ્યો જયજયકાર પુજુ અંબાને
દેવની સ્તુતિ દિલમાં ધારી, માજી થયાં પરસન્નરે
હૈયામાં બહુ હર્ષ પામીયાં, બોલ્યાં મા મુખ ધન્ન પુજુ અંબાને
ધન્ય ધન્ય સૌ સુરના ભાગ્યને, રૂપી મુની સુખદાયરે
શાન્ત મુર્તીનાં દરશન કીધાં, જય બોલ્યાં જગમાય પુજુ અંબાને

અમી દ્રષ્ટીથી અંબાએ જોયું, અંગે ઉલટ આણીરે
ખુશીને માજી બોલ્યાં પોતે, સુખી થાઓ એ વાણી પુજુ અંબાને
અમર સ્થાનકે હાવે સીધાવો, નીરભય રહો નીજ ધામરે
શોક સંતાપ નથી રહ્યો હાવે, ભીડે સમરજો નામ પુજુ અંબાને
કથન સાંભળો સરવે મારૂં, કદી પ્રગટે કોઇ પાપીરે
મુજને આવી સુખે કહેજો, નાખીશ તેને ઉથાપી પુજુ અંબાને
ભય વિનાના સૌને કીધા, શાન્તીથી કરજો રાજરે
વિપત વેળાએ આવીશ દોડી, કરીશ તમારૂં કાજ પુજુ અંબાને
[illegible] કૃપા કૃપાળુએ કીધી, દેવોને હર્ષ અપારરે
સૌ સ્થળે વરતાવ્યો માએ, જુઓને જય જયકાર પુજુ અંબાને
ચરિત્ર મારૂં શુણે સુણાવે, મન વાંચ્છીત સુખ થાયરે
હોમ હવન કરે પ્રેમ ધરીને, તેનાં દુખડાં દળાય પુજુ અંબાને
મારી પુજા જન જે કોઇ કરશે, આપુ હું પુત્રને ધનરે
અંત સમે મુજ પાસે રાખું, મણીપુર મોક્ષ સધન પુજુ અંબાને
અંતરધ્યાન થયાં પછી માજી, વદીને એવું વચનરે
સૌ સૌને સ્થાનકે પછી ચાલ્યા, કરી માનાં દરશન પુજુ અંબાને
માની કૃપાથી નવેનીધ પામ્યા, જ્યાં માએ સાહ્યો હાથરે
કોઇ પ્રકારની પીડા રહી નહિ, એવાં દયાળુ માત પુજુ અંબાને
સારા સુગંધી વાયુ વાયે, મેઘ વૃષ્ટી બહુ આલેરે
યજ્ઞ યાગાદી કરતા સરવે, દયા ધર્મ બહુ ચાલે પુજુ અંબાને
ગુણલા માના ગરબે ગાયા, અલ્પ મતી અજ્ઞાનીરે
રણછોડદાસ અંબાને શરણે, અંબા નામનો ધ્યાની પુજુ અંબાને

અગાઉથી થનાર ગ્રાહક સદ્‌ગ્રહસ્થોનાં નામ.

ઉમરેઠ		નંગ.
રા. રા.	ભટ્ટ સોમેશ્વર જીવરામ બીન રણછોડ	૫૧
,,	શેઠ અંબાલાલ સામળજી	૫૧
,,	શેઠ મંગળદાસ પાનાચંદ	૨૧
,,	શાહ મગનલાલ મોતીચંદ	૨૧
,,	વ્યાસ ભીખાભાઇ જેભાઇ	૨૧
,,	શાહ અંબાલાલ કીશોરદાસની કં.	૧૧
,,	શાહ ચુનીલાલ પીતાંબરદાસ	૧૧
,,	સોની જીવરામ તુળજારામ	૧૧
,,	સોની મગનલાલ ગવરીશંકર	૧૧
,,	જોશી શંકરલાલ ભવાનીશંકર	૫
,,	શાહ ફુલચંદ નાનાલાલ	૫
,,	ત્રીવેદી મોતીલાલ વિશ્વનાથ	૩
,,	દવે મોતીલાલ ગંગાશંકર	૩
,,	દવે અંબાલાલ ભુરાભાઇ	૩
,,	મીસ્ત્રી કાળીદાસ સોમેશ્વર	૩
,,	શાહ મગનલાલ કેવળદાસ હેડ માસ્તર મુખ્ય સ્કુલ	૩
,,	જે. ભટ્ટ. ની કુંપની	૨
,,	ભટ અંબાલાલ માણીલાલ	૨
,,	વ્યાસ ફુલશંકર માણીશંકર	૨
,,	મીસ્તર જગન્નાથ ભવાનીશંકર	૨
,,	દવે કાળીદાસ પરશોતમ	૨

રા. રા.	સુખડીયા છોટાલાલ માણકલાલ	૨
,,	કાછીઆ પુંજાભાઇ રણછોડ	૨
,,	લુહાર અંબાલાલ બોધાભાઇ	૨
,,	દરજી રતનલાલ બીખાભાઇ	૨
,,	પંડયા પરભાશંકર પુંજાભાઇ	૧
,,	પંડયા ઉમીયાશંકર વજેરામ	૧
,,	દવે ગોકુળભાઇ મયારામ	૧
,,	દવે ગણપતરામ સોમેશ્વર	૧
,,	જાની નાથાલાલ હરજીવન	૧
,,	દવે ચંદુલાલ જેઠાભાઇ	૧
,,	વ્યાસ સોમેશ્વર જગજીવન	૧
,,	દવે કનૈયાલાલ ગંગાશંકર	૧
,,	વ્યાસ મણીલાલ ગણપતરામ	૧
,,	જોશી ડાહ્યાભાઇ મુલજી	૧
,,	વ્યાસ રણછોડ હરજીવન	૧
,,	વ્યાસ જેશંકર મયારામ	૧
,,	ભટ્ટ ગીરજાશંકર જોઇતારામ	૧
,,	શેઠ બાઇલાલ મુલજી	૧
,,	વ્યાસ રાજારામ વજેરામ	૧
,,	પુરોહીત ભોગીલાલ અનોપરામ	૧
,,	,, બાલકૃષ્ણ જાગેશ્વર	૧
,,	મહેતા રવીશંકર રામચંદ્ર	૧
,,	દવે નર્મદાશંકર દાદાભાઇ	૧

રા. રા.	વ્યાસ મગનલાલ હરીભાઇ	૧
,,	વ્યાસ ગોવીંદલાલ મોહનલાલ	૧
,,	વ્યાસ મોહનલાલ નાથજી	૧
,,	વ્યાસ ચુનીલાલ જેઠાભાઈ	૧
,,	સેવક શીવલાલ રણછોડ	૧
,,	વ્યાસ મુલજી અંબાઇદાસ	૧
,,	વ્યાસ વનમાળી ભવાનદાસ	૧
,,	વ્યાસ જેશંકર ગીરધર	૨
,,	વ્યાસ મગનલાલ ત્રીજમદાસ	૧
,,	વ્યાસ શંકરલાલ જગજીવનદાસ	૧
,,	વ્યાસ રામાભાઇ રવજીદાસ	૧
,,	શાહ ચુનીલાલ મનસુખ	૧
,,	ગાંધી જેઠાભાઈ લલ્લુભાઇ	૧
,,	શાહ આદીતલાલ ફીલાભાઇ	૧
,,	શાહ કાળીદાસ લલ્લુભાઈ	૧
,,	શાહ ચુનીલાલ છોટાલાલ	૧
,,	તલાટી નાથાભાઇ ઝવેરદાસ	૧
,,	દોશી ગોવરધનદાસ હરીવલવ	૧
,,	શાહ હરગોવન જમનાદાસ	૧
,,	શાહ રણછોડ હરગોવન	૧
,,	પરીખ છોટાલાલ જમનાદાસ	૧
,,	,, સવાઇલાલ લલ્લુભાઇ	૧
,,	,, મણીલાલ બાપાલાલ	૧

રા. રા.	તલાટી ડાહ્યાભાઇ ઝવેરદાસ	૧
,,	ગાંધી સોમાભાઇ કુબેરદાસ	૧
,,	પરીખ સોમાભાઈ મુલજી	૧
,,	શાહ રણછોડ ગોવરધનદાસ	૧
,,	ગાંધી છોટાલાલ મથુર	૧
,,	જમનાદાસ નાથજી	૧
,,	શાહ ચુનીલાલ માણેકલાલ	૧
,,	શાહ ત્રીભોવન પરસોતમ	૧
,,	પરીખ ચંદુલાલ જેઠાલાલ	૧
,,	,, રણછોડ પાનાચંદ	૧
,,	શાહ છોટાલાલ ગીરધરદાસ	૧
,,	તળાટી છોટાલાલ પુંજાલાલ	૧
,,	શાહ સતીલાલ મ્હોલાલ	૧
,,	તળાટી કુબેરદાસ મોતીચંદ	૧
,,	પરીખ પુનમચંદ માણેકલાલ	૧
,,	શાહ મોહનલાલ કુબેરદાસ	૧
,,	સુથાર ચુનીલાલ પ્રેમાનંદ	૧
,,	ખરાદી શંકરલાલ ભાઇજી	૧
,,	સુથાર પુનમચંદ નરસીંહભાઇ	૧
,,	સોની મણીલાલ મનસુખ	૧
,,	,, પોપટલાલ મોહનલાલ	૧
,,	,, જગજીવન મુળજી	૧
,,	સોની જગજીવન મોતીરામ	૧

રા. રા.	ડાહ્યાભાઇ કીશોર	૧
,,	કંસારા શંકરલાલ માણેકલાલ	૧
,,	,, નાનાલાલ ગડબડદાસ	૧
,,	,, ચુનીલાલ હરીલાલ	૧
,,	,, શીવલાલ લલ્લુભાઇ	૧
,,	,, બાપુલાલ મોહોલાલ	૧
,,	કાછીયા પરસોતમ મકન	૧
,,	,, સોમાભાઇ છવરામ	૧
,,	,, લલ્લુભાઇ નરોતમ	૧
,,	,, ખુશાલદાસ કીશોરદાસ	૧
,,	,, સુરદાસ રામદાસ	૧
,,	,, સોમાભાઇ ખુશાલ	૧
,,	,, દેવજી ઇચ્છાભાઇ	૧
,,	બારોટ દેસાઇભાઇ દાદાભાઈ	૧
,,	પટેલ શીવાભાઇ મથુરભાઇ	૧
,,	કુંભાર મંગળ હીરાભાઈ	૧
,,	બાવસાર મગનલાલ પરસોતમ	૧
,,	,, મનસુખ પરસોતમ	૧
,,	,, ફુલચંદ વીઠલદાસ	૧
,,	,, ફુલચંદ હરગોવન	૧
,,	સુતાર દામોદર હરજીવન	૧
,,	દરજી છોટાલાલ આશારામ	૧
,,	,, ચુનીલાલ પરભુદાસ	૧

રા. રા. ,,	અંબાલાલ ભાઇલાલ	૧
,,	વાલંદ વાહાલજી ખુશાલ	૧
,,	સોમાભાઇ ગોવીંદ	૧

સ્વસ્થાન ભાદરવા.

યુવરાજ શ્રી રણજીતસીંહજી અમરસીંહજી		૮
રા. રા.	વ્યાસ મયાશંકર ત્રંબકરામ	૬
,,	શાહ કેશવલાલ સોમલાલ શ્રીઅંબીકા સમાજના સેક્રેટરી	૫
,,	વકીલ બાપુલાલ મુળજીભાઇ મેહેતા	૪
,,	સરદારસીંગજી દેવસીંગજી સ્ટેટ ફોજદાર	૨
,,	મેહેતા શંકરલાલ ચુનીલાલ	૨
,,	મંગુભાઇ પુંજાભાઇ શેઠ	૨
,,	માધવલાલ હીરાલાલ સ્ટેટ પોલીસ નાયક	૧
,,	પંડ્યા મોતીલાલ નારણજી	૧
,,	,, લલ્લુભાઇ સોમનાથ	૧
,,	વ્યાસ પરસોતમ ઉત્તમરામ ડોકટર	૧
,,	બ્રમભટ મુળજીભાઇ લાલજી	૧
,,	મહંત ચતુરગર પંચમગર	૧
,,	પરીખ માણેકલાલ સોમલાલ ગળડવાળા	૧
,,	ગાંધી મણીલાલ ઇશ્વરદાસ શાહ	૧
,,	શાહ મોહનલાલ ગોવરધનદાસ બાપાવાળા	૧
,,	શાહ મહીજીભાઇ નાથજીભાઇ સ્ટેટ ટ્રેઝરર	૧
,,	શાહ મણીલાલ આરતલાલ	૧
,,	શાહ પુંજાલાલ નાથાભાઇ	૧

રા. રા.	શાહ અંબાલાલ મુળજીભાઇ	૧
,,	શાહ પુંજાલાલ છોટાલાલ	૧
,,	શાહ મણીલાલ મોતીલાલ	૧
,,	શાહ મગનલાલ ત્રીભોવનદાસ	૧
,,	શાહ કેશવલાલ છોટાભાઇ	૧
,,	શાહ મોહોનલાલ સુંદરલાલ એન્જીનીયર	૧
,,	શાહ અચરતલાલ ધર્મદાસ	૧
,,	પાદરાવાળા ચુનીલાલ કેશવલાલ એન્જીનીયર	૧
,,	શાહ મગનલાલ નરોતમદાસ	૧
,,	શાહ કેશવલાલ મગનલાલ	૧
,,	અમીન બાવાજી ઉર્ફે ગોરધન હીરાભાઇ	૧
,,	મહંત કાળુગંરજી ઝવેરગરજી આપકારી ઇન્સ્પેક્ટર	૨
,,	સુથાર જગજીવન ગીરધર	૧
,,	ભાવસાર ભોગીલાલ સોમચંદ	૧
,,	,, ફકીરચંદ સવજી	૧
,,	,, પુનમચંદ જીગજીવન	૧
,,	ઠકર સોમચંદ વ્રજલાલ	૧
,,	,, નાથાભાઇ પીતાંબર	૧
,,	,, મણીલાલ ચુનીલાલ	૧
,,	,, દલસુખ પુંજાભાઇ	૧
,,	,, વીઠલદાસ બાઇજી	૫
,,	શાહ ગોકળદાસ નાથજી	૧

સસ્થાન દેવગઢ બારીઆ.

રા. રા.	નારણલાલ ભોગીલાલ નીમતાણદાર	૫
,,	મહેતા શંકરલાલ માણેકલાલ	૧
,,	પંડયા ચંદુલાલ મોતીરામ સરવેઅર અગર સ્ટેટ	૧
,,	ચુનીલાલ ઇશ્વરદાસ	૧
,,	પંડ્યા નાગેશ્વર ધનસુખરામ મોજણીદાર	૧
,,	શુકલ મગનલાલ ગીરધરદાસ	૧
,,	પુરાણી પરભાશંકર જેશંકર	૧
,,	દેશાઇ કલ્યાણભાઇ નારણભાઇ	૧
,,	કલાસર પરશોતમ વીરેશ્વર	૧
,,	કલાસર ગીરજાશંકર બાપુભાઇ	૧
,,	રેવાશંકર હરીશંકર	૧

નડીયાદ.

રા. રા.	પટેલ મંગળભાઇ ગોકળભાઇ	૩
,,	રાવ છોટાભાઈ આરતભાઇ	૨
,,	ભટ નાનાલાલ દલપતરામ	૧
,,	સોની નટવરલાલ છગનલાલ	૧
,,	,, છોટાલાલ સાંકરલાલ	૧
,,	નાથાલાલ રૂગનાથજી શેઠ	૧
,,	શાહ રણછોડદાસ ગીરધરદાસ	૧
,,	શાહ હરજીવન દામોદર	૧
,,	હરજીવન કુબેરદાસ	૧

રા. રા. દેશાઇ ત્રીકમલાલ મોહનલાલ ૧
„ પટેલ મંગળદાસ વલવદાસ ૧
„ હીમતલાલ બકોરભાઇ ફોટોગ્રાફર ૧
„ રાવ નારણભાઇ નાથાભાઇ માસ્તર ૧
„ રાવ પરશોતમ બહેચરદાસ ૧
„ રાવ ડાહ્યાભાઇ મોહનભાઇ ૧
„ ભટ જગન્નાથ હીરજીભાઇ ૧
„ રાવ સોમાભાઇ પ્રતાપસંગ ૧

સાંકરદા.

ઠાકોરશ્રી ગેદાલસીંહજી હીમતસીંહજી ૫
રા. રા. પટેલ રામદાસ જીજીભાઇ ૨
રા. રા. પંડ્યા મોતીરામ ગણપતરામ ૧
રા. રા. વ્યાસ લલ્લુભાઇ ભવાનીશંકર માસ્તર ૧
રા. રા. પટેલ જોરાભાઇ નાથાભાઇ માસ્તર ૧
રા. રા. પટેલ હરીભાઇ અજુભાઇ પોલીસ પટેલ ૧

વડોદ.

રા. રા. શાહ છગનલાલ હરગોવન ૧
„ પટેલ હરીભાઇ છગજીભાઇ ૧
„ „ દાદાભાઇ સુનદાસ ૧
„ કાલીદાસ દેશાઇભાઇ ૧
„ „ બેચરભાઇ જેસંગભાઇ ૧

આણંદ.

રા. રા. ગોશાઈ ખેમગર કેલાશગર	૫
,, ઠાકોર શીવશંગજી રામશંગજી	૧
,, કારકુન પ્રાણુલાલ પીતાંમ્બરદાસ	૧
,, પટેલ મુળજીભાઈ રણુછોડભાઇ	૧
,, ,, મહીજીભાઇ સંકરભાઇ	૧

બોરીઆવી.

રા. રા. વૈદ રેવાશંકર રામશંકર	૩
રા. રા. પટેલ બહેચરભાઇ શામળભાઇ	૧

આકોદીયા.

રા. અંબાલાલ છગનલાલ	૧૧

અમદાવાદ.

રા. રા. શીવશંકર વૈજનાથ	૨
રા. રા. મહેતા પરસોતમ ગોકળદાસ	૧
રા. રા. શાહ કેશવલાલ ગોકળદાસ	૧
રા. રા. શાહ છોટાલાલ માધાસુખ	૧

આગરવા.

રા. રા. શાહ આશારામ નરસીહદાસ	૧
રા. રા. કાજીઆ બેહેચર ગોવીંદ	૧

ઓડ.

રા. રા. મોહનલાલ ભાઇલાલ	૧

કુરખડી.

રા. રા. વ્યાસ સોમેશ્વર જોઇતારામ ૧

ચવેલી.

રા. રા. ત્રીભોવન શંકરદાસ ૧

ચાણસમા

રા. રા. વીરચંદ દેવચંદ ૩

રા. રા. મીસ્ત્રી ગંગારામ છગનલાલ ૩

ચડોદરા.

રા. રા. વામન શેઠ સીતારામશેઠ સોની ૧

ગોધરા.

રા. રા. જોશી ધીરજલાલ છગનલાલ આળવેદ ૧

રા. રા. શાહ મોહનલાલ ગોવીંદલાલ ૧

ગુણેલી.

રા. રા. વ્યાસ હરીલાલ બેહચરભાઈ ૧

કલાસર-બારીઆ સંસ્થાન.

રા. રા. રાવળ માણીલાલ ભુરાભાઇ ૧

દેલોલ.

રા. રા. મુલજીભાઈ રામચંદ્ર ૨

રાણીઆ.

રા. રા પંડીત કેશવલાલ ગીરજાશંકર ૧

નાહાવા.

રા. રા. ફુલચંદ ગીરધરદાસ બાહારવાવાળા ૧

રા. રા. શાહ મોહનલાલ લલ્લુભાઇ બાહારવાવાળા ૧

કુંજરાય.

રા. રા. અંબાલાલ રણછોડદાસ રાવળ ૧
રા. રા. મગનલાલ ઈશ્વરદાસ રાવળ ૧

રતનપુરા.

રા. રા. નાથાભાઇ પુંજાભાઇ ૧

ગાંમડી.

રા. રા. ગોશાઇ હરમાનગર બાવનગર ૧

ગાંના

રા. રા. શાહ છોટાલાલ ઈશ્વરદાસ ૩
રા. રા. બાઇલાલ ત્રીકમદાસ ૧

શંદેસર,

રા. રા. ચીમનલાલ શીવલાલ તલાટી ૧

વિજ્ઞપ્તિ

સર્વે સજ્જનોને વીદિત કરવાનું કે સદર પુસ્તક અનતી ત્વરાએ વાંચક ગ્રાહક ગૃહસ્થોના કરકમળમાં મુકવાની ઉમેદ હતી. પરંતુ વીલંબ થવાનું મુખ્ય કારણ એવું અન્યું કે મારા બંધુ વ્યાસજી ગણપતરામ ભારે માંદગી ભોગવી અંતે તેમનો અમુલ્ય આત્માશ્રી જગદંબાના ચરણારવિંદમાં પધાર્યો તેથી સદર પુસ્તકનું પ્રુફ તપાસવાનો પણ પુરતો વખત મળી શકયો નથી. માટે પુસ્તકમાં થયેલી ભૂલચુકની ક્ષમા કરશો.

જે ગૃહસ્થો સદર પુસ્તક ખરીદી ધાર્મિક કામમાં મદદ આપશે તેથી સ્વાર્થ અને પરમાર્થ બંને સચવાશે. અને તેનું ફળ શ્રી જગદંબા આપ્યા સિવાય રહેશેજ નહીં. તો સદર પુસ્તક નીચેના સરનામે વી. પી. થી મંગાવી લેવા દેવીભકતો ચુકશે નહીં એવી આશા છે.

મુ. ઉમરેઠ.	કર્ત્તા.
તા. આણંદ	ભટ રણછોડલાલ કાળીદાસ.
ક. પંચવટી પાસે.	કારભારી,